

P.07

ખોસલા કો ઘોસલા ડુના દિગ્દર્શક બદલાયા : હુમા કુરેશી પણ આઉટ

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૧૮ । વિક્રમ સંવત ૨૦૮૧ : શ્રાવણ વદ ૧૧ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 18 • Dt.20-08-2025 Wednesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125



P.07

ન્યૂયોર્કમાં રશ્મિકા અને વિજયની કેમેસ્ટ્રી ફેન્સને ગમી


પાકિસ્તાનમાં અનરાધાર વર્ષા : પૂરનો પ્રકોપ ગામના ગામ તણાઈ ગયા : ૧૦૦૦થી વધુનાં મોત



07

20
AUGUST- 2025
WEDNESDAY



07

ડોનાલ્ડ ટ્રમ્પ અને ઝેલેન્સ્કી રશિયા સાથે યુદ્ધવિરામ માટે ત્રિપક્ષીય મંત્રણા કરશે

**સુરત શહેરમાંથી આંતરરાષ્ટ્રીય સાયબર ફ્રોડ રેકેટ કેસમાં**

ઉલ્લેખનીય છેકે આરોપીએ ૧૫૫૦ કરોડ રૂપિયાનું સાયબર ફ્રોડ આચર્યું હતું । જેના અનુસંધાને દોઢ લાખ પાનાની ચાર્જશીટ કરવામાં આવી । કેસમાં ૧૨ આરોપીઓની ધરપકડ પણ કરવામાં આવી । કેસમાં અગાઉ ઝડપાયેલા મુખ્ય આરોપી કિરાત જાદવાણી, દિવ્યેશ ચકરાણી સહિતના ચાર આરોપીઓ વિરૂદ્ધ ૨૦૦થી વધુ સાક્ષીઓના નિવેદન નોંધવામાં આવ્યા હતા

# ગુજરાતના ઈતિહાસમાં પહેલીવાર ૧ લાખ ૫૦ હજાર પાનાની ચાર્જશીટ કરાઈ

**આરોપીઓ પાસે મળી આવેલ ૧૬૫ બેંક એકાઉન્ટ સામે એનસીઆર પોર્ટલ પર ૨૫૦૦ જેટલી સાયબર ફ્રોડની ફરિયાદ નોંધાઈ હતી । ૨૨ મે ૨૦૨૫ના રોજ વાહન ચેકિંગ દરમિયાન સુરતની ઉધના પોલીસને મહત્વના પુરાવા મળી આવ્યા હતા**

। પ્રતિનિધિ, સુરત, તા.૧૯ ।

ગુજરાતમાં સૌપ્રથમ વખત સૌથી મોટી ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. જી હા, સુરતના ઉધના વિસ્તારમાં થયેલા સાયબર ફ્રોડ કેસમાં ૧ લાખ ૫૦ હજાર પાનાની ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છેકે આરોપીએ ૧૫૫૦ કરોડ રૂપિયાનું સાયબર ફ્રોડ આચર્યું હતું. જેના અનુસંધાને દોઢ લાખ પાનાની ચાર્જશીટ કરવામાં આવી છે. આ કેસમાં ૧૨ આરોપીઓની ધરપકડ પણ કરવામાં આવી છે.એક બે પેજ નહી પરંતુ એક લાખ ૫૦ હજાર પાનાની પોલીસે આંતરરાષ્ટ્રીય સાયબર ફ્રોડ કેશમાં કોર્ટમાં ચાર્જશીટ રજુ કરાઈ છે. થોડા દિવસ પહેલા ઉધનામાં ૧૫૫૦ કરોડનું આંતરરાષ્ટ્રીય સાયબર ફ્રોડ ઝડપાયું હતુ. જે કેસમાં અગાઉ ઝડપાયેલા મુખ્ય આરોપી કિરાત જાદવાણી, દિવ્યેશ ચકરાણી સહિતના ચાર આરોપીઓ વિરૂદ્ધ ૨૦૦થી વધુ સાક્ષીઓના નિવેદન નોંધવામાં આવ્યા હતા. બેંક એકાઉન્ટ ખોલાવવામાં આરોપીઓ દ્વારા ખાસ એમઓ અપનાવાવમાં આવી હતી. જે એમઓ અંગેના પુરાવા પણ એકત્ર કરી ચાર્જશીટ રજુ કર્યા હતા. આરોપીઓ પાસે મળી આવેલ ૧૬૫ બેંક એકાઉન્ટ સામે એનસીઆર પોર્ટલ પર ૨૫૦૦ જેટલી સાયબર ફ્રોડની ફરિયાદ નોંધાઈ હતી. જે પૈકી ૩૭ ફરિયાદ સુરતની છે. ૨૨ મે ૨૦૨૫ના રોજ વાહન ચેકિંગ દરમિયાન સુરતની ઉધના પોલીસને મહત્વના પુરાવા મળી આવ્યા હતા. જેના થકી ઉધના પોલીસે ૧૫૫૦ કરોડ રૂપિયાના સાઈબર ફ્રોડના રેકેટ સુધી પહોંચી હતી.




**પોલીસે સમગ્ર કેસની તપાસ દરમિયાન ચાર આરોપીઓની ધરપકડ કરી હતી**

ઉધના પોલીસ સ્ટેશનના પીઆઈ એસ. એન, દેસાઈએ જણાવ્યું કે, પોલીસે સમગ્ર કેસની તપાસ દરમિયાન ચાર આરોપીઓની ધરપકડ કરી હતી. જેમાં કિરાત જાદવાણી, દિવ્યેશ ચકરાણી સહિતના આરોપીઓ પાસેથી ૧૬૫ જેટલા કરંટ બેંક એકાઉન્ટ મળી આવ્યા હતા. આરોપીઓની કડક પૂછપરછ અને તપાસ દરમિયાન આરબીએલ બેંકના આઠ કર્મચારીઓની પણ સંડોવણી બહાર આવી હતી. ઉધના પોલીસને શંકાસ્પદ વ્યક્તિ વાહન ચેકિંગ દરમિયાન મળી આવ્યો હતો. તેની પાસેથી બેંક એકાઉન્ટના અનેક ડોક્યુમેન્ટસ મળી આવ્યા હતા.

**ગીર સોમનાથ જિલ્લામાં લોકકલાકાર દેવાયત ખવડ ફરી એકવાર ચર્ચામાં**

# ગુજરાત રાજ્યના ગીર સોમનાથ 'મોરે મોરો' કેસમાં દેવાયત ખવડ સહિત સાત આરોપીઓને જામીન મળ્યા

**કોર્ટના આદેશ મુજબ તમામ આરોપીઓને રૂ.૧૫,૦૦૦ના જામીન પર મુક્ત કરવામાં આવ્યા**

। પ્રતિનિધિ, ગીરસોમનાથ,તા.૧૯ ।

ગીર સોમનાથ જિલ્લામાં લોકકલાકાર દેવાયત ખવડ ફરી એકવાર ચર્ચામાં આવ્યા છે. 'મોરે મોરો' કેસમાં હુમલાના આરોપસર ધરપકડ કરાયેલા દેવાયત ખવડ અને તેના સાત સાથીઓને વેરાવળ કોર્ટ દ્વારા જામીન પર મુક્ત કરવાનો આદેશ આપતા સમગ્ર પંથકમાં ચર્ચા ચાલી રહી છે. કોર્ટના આદેશ મુજબ તમામ આરોપીઓને રૂ.૧૫,૦૦૦ના જામીન પર મુક્ત કરવામાં આવ્યા છે.આ કેસમાં તાલાલા પોલીસે દેવાયત ખવડના ૭ દિવસના પોલીસ રિમાન્ડની માંગ કરી હતી. પરંતુ કોર્ટે આ અરજી નામંજૂર કરી દીધી અને તમામ આરોપીઓને જામીન પર મુક્ત કર્યા. આ સુનાવણી દરમિયાન ફર્સ્ટ ક્લાસ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એ.એ. જાની સમક્ષ સરકારી વકીલ અને બચાવ પક્ષના વકીલ વચ્ચે દલીલોનો તોફાન કલાકો સુધી ચાલ્યો હતો. સરકારી વકીલે આરોપીઓ સામે ગંભીર આક્ષેપ મૂકી તેમનો પોલીસ રિમાન્ડ જરૂરી હોવાનું કહ્યું. બીજી તરફ આરોપીઓના વકીલે એ.જે. વિરરાએ દલીલ કરતાં જણાવ્યું કે આરોપીઓને તેની ધરપકડના યોગ્ય કારણો જણાવવામાં આવ્યા નથી, જે બંધારણના આર્ટિકલ ૨૨નું ઉલ્લંઘન છે. વિરરાએ સુપ્રીમ કોર્ટના ચુકાદાઓનો હવાલો આપતા દલીલ કરી કે આ કેસમાં પોલીસ રિમાન્ડની જરૂર નથી અને આરોપીઓને જામીન પર મુક્ત કરવું જોઈએ.કોર્ટએ બંને પક્ષની દલીલો સાંભળીને રાત્રે ૯:૪૫ વાગ્યે ચુકાદો આપ્યો.


વીજળીના બિલને કરો (0)

Since 2013

Navkalp SOLAR

it's time to save

નેશનલ પોર્ટલ રૂફટોપ સબસીડી મળવા પાત્ર



25 YEARS WARRANTY

ગુજરાત ની અગ્રણી રેસીડેન્શીયલ INDUSTRIAL સોલાર રૂફટોપ કંપની


Help Line
+91 93 77 51 77 52

શ્રી ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર એજ્યુકેશન કેમ્પસ સંચાલિત

કમલા અમૃત ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ, ગાંધીનગર

*Approved by Govt. Of Gujarat, Gujarat Nursing Council & Affiliated to Gujarat University*

KAMLA AMRUT INSTITUTE OF NURSING



પ્રવેશ પ્રક્રિયા પ્રારંભ ૨૦૨૩-૨૪

B.Sc. Nursing
૪ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ સાયન્સ પાસ
(PCB + ENGLISH)

P.B.B.Sc. Nursing
Post basic B.Sc. University
૨ વર્ષનો કોર્ષ
G.N.M. પાસ

GNM
General Nursing and Midwifery
૩ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ પાસ (કોઈપણ સ્ટ્રીમ) અને અંગ્રેજી

ઉપલબ્ધ સુવિધાઓ

- ૧૦૦ બેડની પોતાની પેરેન્ટ હોસ્પિટલ
- અનુભવી સ્ટાફ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ
- અત્યાધુનિક લેબોરેટરી અને લાયબ્રેરી
- સ્માર્ટ ક્લાસરૂમ
- ટ્રાન્સપોર્ટેશન માટે બસની સુવિધા
- હોસ્ટેલની સુવિધા
- એ.સી. મલટીપરપઝ ઓડિટોરીયમ
- SC/ST ની કેટેગરીના વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપની સુવિધા

9638358158, 7567020200, 9313304367

### ચાઈનીઝ ગેંગનો પણ હાથ હોવાની આશંકા

## થાઈલેન્ડમાં નોકરીની લાલચમાં અનેક ગુજરાતીઓ મ્યાનમારમાં ફસાયા

**અમદાવાદથી ગયેલા યુવકે સાયબર ક્રાઇમ આચરવાની ના પાડતા તેને કોલ સેન્ટરની ઓફિસમાં આવેલી જેલમાં પાંચ દિવસ સુધી પૂરીને માર માર્યો હતો**

| પ્રતિનિધિ, નવી દિલ્હી, તા.૧૯ |

બેંગકોકમાં આઈટી કંપનીમાં નોકરીની લાલચ આપીને થાઈલેન્ડમાં ટુરિસ્ટ વીઝાના આધારે બોલાવ્યા બાદ મ્યાનમાર અને કમ્બોડિયામાં લઈ જઈને ત્યાં કૉલ સેન્ટર દ્વારા સાયબર ક્રાઈમ કરવા મજબૂર કર્યા હોવાનું કૌભાંડ સામે આવ્યું છે. આ કૌભાંડમાંથી છૂટીને આવેલા યુવકની પૂછપરછમાં સાયબર ક્રાઈમ સામે અનેક ચોંકાવનારી માહિતી સામે આવી છે. આ કેસમાં જાણવા મળ્યું હતું કે, અભિષેકસિંગ નામનો મુખ્ય આરોપી દુબઈમાં બેઠા બેઠા ચાઈનીઝ ગેંગ સાથે મળીને સમગ્ર કૌભાંડ ચલાવતો હતો. બેંગકોકથી છૂટકારો મેળવીને પરત આવનાર યુવકે મ્યાનમારના કૉલ સેન્ટરમાં અનેક ગુજરાતી યુવકો ફસાયા હોવાનો અને ડરના કારણે સાયબર ક્રાઈમ કરતો હોવાનો ખુલાસો કર્યો છે. હવે આ મામલે સાયબર ક્રાઈમે વધુ તપાસ શરૂ કરી છે.ટેલિગ્રામ ચેનલ દ્વારા બેંગકોકમાં આઈટી કંપનીમાં જૉબ ઓફરની લાલચ આપીને યુવાનોને ટુરિસ્ટ વીઝા પર બેંગકોક બોલાવ્યા બાદ મ્યાનમાર અને કમ્બોડિયામાં ગેરકાયદે ચાલતા કૉલ સેન્ટરમાં લઈ જઈને ત્યાં સાયબર ક્રાઈમ આચરતી ચાઈનીઝ ગેંગના સકંજામાંથી છૂટેલા અમદાવાદના યુવકની પૂછપરછમાં અનેક ચોંકાવનારા ખુલાસા થયા છે. આ અંગે માહિતી આપ




તા સાયબર ક્રાઈમના એસીપી હાર્દિક માકડીયાએ જણાવ્યું કે, અમદાવાદમાં રહેતા યુવકની સાથે તેના મિત્રને પણ અભિષેકસિંગ દ્વારા નોકરીની ઓફર આપવામાં આવી હતી. જેથી બેંગકોક જવા માટેની વીઝા પ્રોસેસ કિંજલ શાહે કરી આપી હતી. બંને મિત્રો બેંગકોક પહોંચ્યા ત્યારે અભિષેકસિંગે વિડીયો કૉલ કરીને તેમને એક લોકેશન પર પહોંચવા માટે કહ્યું હતું. જ્યાં પહોંચતા એક વ્યક્તિનો કૉલ આવ્યો હતો અને તેણે એક ટેક્ષીનો નંબર આપ્યો હતો. જે ટેક્ષીમાં બેસીને હોટલ પર જવા માટે સૂચના આપી હતી. ત્યારબાદ આવેલી ટેક્ષીના ડ્રાઈવર આશરે ૪૦૦ કિલોમીટર દૂર એક હોટલમાં લઈ ગયો હતો. જ્યાં બે મિત્રોની સાથે અન્ય યુવકો પણ હતા. જેથી ભોગ બનનાર યુવકના મિત્રને શંકા જતા તે ત્યાંથી નાસી ગયો હતો. જ્યારે થોડીવાર બાદ તમામને અલગ-અલગ કારમાં મ્યાનમાર કેનાલ પાસે લઈ જઈને ક્રોસ કરાવ્યા બાદ ૨૦ કિલોમીટર ચલાવીને ગેરકાયદે ચાલતા કૉલ સેન્ટર પર લઈ ગયા હતા.

## સુરતના અમરોલીમાં 33 વર્ષની શિક્ષિકાનો આપઘાત, સાસરિયાના ત્રાસનો આરોપ

| પ્રતિનિધિ, સુરત, તા.૧૯ |

સુરત શહેરના અમરોલી વિસ્તારમાં રહેતી અને શિક્ષિકા તરીકે ફરજ બજાવતી મહિલાએ ઝેરી દવા પીને આપઘાત કરી લેતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી જવા પામી છે. ૩૩ વર્ષીય આરતી નારોલા નામની પરિણીતાએ પતિ અને સાસરિયાંના માનસિક ત્રાસના કારણે આ પગલું ભર્યું હોવાનો આરોપ સાથે અમરોલી પોલીસ મથકે ફરિયાદ નોંધવામાં આવી છે.પ્રાપ્ત માહિતી અનુસાર આરતીના લગ્ન પાંચ વર્ષ પહેલાં નિલેશ નારોલા સાથે થયા હતા, જે સરથાણા વિસ્તારમાં ફિઝિયોથેરાપી ક્લિનિક ચલાવે છે. લગ્ન બાદથી જ આરતી અને નિલેશ વચ્ચે નાની-નાની બાબતોમાં ઝઘડા થતા હતા. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

## અમદાવાદ : શાસ્ત્રીનગરના સરદાર પટેલ આવાસના ૧૪મા માળેથી કૂદી યુવતીનો આપઘાત

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૯ |

કારણ અકબંધ અમદાવાદથી વધુ એક આપઘાતની ચોંકાવનારી ઘટના સામે આવી છે. શાસ્ત્રીનગર વિસ્તારમાં આવેલા સરદાર પટેલ આવાસ યોજનાના ૧૪મા માળેથી ઝંપલાવી યુવતીએ આપઘાત કરતા ભારે ચકચાર મચી જવા પામી છે. જો કે, ચોંકાવનારી બાબત એ છે કે, મૃતક યુવતી સરદાર પટેલ આવાસ યોજનાની રહેવાસી નથી. આ ઘટનાની જાણ થતા ઘાટલોડિયા પોલીસે ઘટનાસ્થળે જઈ તપાસ હાથ ધરી હતી. મળતી માહિતી અનુસાર, અમદાવાદ શહેરના શાસ્ત્રીનગરમાં સ્થિત સરદાર પટેલ આવાસના ૧૪મા માળેથી અજાણી યુવતીએ આવીને અચાનક નીચે પડતું મૂકી દેતા તેનું કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. જેને લઈ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. લોકોએ સ્થાનિક પોલીસને જાણ કરતા પોલીસે સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને તપાસ કરી હતી. યુવતી અંગે સ્થાનિક લોકોની પૂછપરછ કરી હતી.

## મહિલા વોશરૂમમાં ગુપ્ત રીતે વિડીયો રેકોર્ડિંગનું કાવતરું ઝડપાયું

| પ્રતિનિધિ, સુરત, તા.૧૯ |

સુરતના પોશ વિસ્તાર પિપલોદમાં આવેલી જાણીતી ચારકોલ રેસ્ટોરન્ટમાં ચોંકાવનારી ઘટના સામે આવી છે. રેસ્ટોરન્ટના મહિલા વોશરૂમના વેન્ટિલેશનની જાળી ઉપર ગુપ્ત રીતે એક મોબાઈલ ફોન મૂકીને રેકોર્ડિંગ કરતો સફાઈ કર્મચારી ઝડપાયો છે. ડીસીપી વિજયસિંહ ગુર્જરના જણાવ્યા પ્રમાણે, આરોપીના મોબાઈલમાં અનેક આપત્તિજનક વીડિયો અને ગૂગલ હિસ્ટ્રી સામે આવી છે. આ ઘટનાક્રમની શરૂઆત ત્યારે થઈ જ્યારે ચારકોલ રેસ્ટોરન્ટમાં આવેલી એક મહિલા ગ્રાહક મહિલા વોશરૂમનો ઉપયોગ કરવા ગઈ હતી. વોશરૂમમાં પ્રવેશતાં જ તેની નજર ઉપર રહેલી વેન્ટિલેશનની જાળી પર પડી. સામાન્ય રીતે કોઈપણ વોશરૂમમાં આ પ્રકારની વસ્તુઓ ન હોવાથી તેને શંકા ગઈ. સાવચેતી દાખવીને મહિલાએ કમોડની સીટ પર ચડીને જોયું તો તે ચોંકી ગઈ. વેન્ટિલેશનની જાળી પર એક મોબાઈલ ફોન ગુપ્ત રીતે મૂકવામાં આવ્યો હતો અને એમાં વીડિયો રેકોર્ડિંગ ચાલુ હતું. આ દૃશ્ય જોતાં જ મહિલાએ બૂમાબૂમ કરી હતી, જેના કારણે રેસ્ટોરન્ટમાં મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા હતા. હોટલે પહોંચેલી પોલીસે તાત્કાલિક મોબાઈલ ફોનને કબજે કરી તપાસ શરૂ કરી હતી. પોલીસે રેસ્ટોરન્ટના કર્મચારીઓની પૂછપરછ શરૂ કરતા રેકોર્ડિંગની લેન્થ પ્રમાણે જે વ્યક્તિ છેલ્લે મહિલા વોશરૂમમાંથી બહાર નીકળી હતી.

### ઘટના બાદ મંદિર પરિસરમાં આવેલી જોખમી રાઈડને સ્થગિત કરાઈ

## નવસારીના બીલીમોરા મેળામાં ચકડોળ તૂટતાં બે બાળક સહિત પાંચ ઘાયલ

| પ્રતિનિધિ, સુરત, તા.૧૯ |

નવસારીના બીલીમોરાના સોમનાથ મહાદેવ મંદિરે ભરાયેલા મેળામાં શ્રાવણના અંતિમ સોમવારની પૂર્વરાત્રિએ ખુબ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. આ દરમિયાન અચાનક જ એક ૫૦ ફૂટ ઊંચા ટાવર રાઈડ(ચકડોળ) તૂટી પડતાં રાઈડમાં સવાર અંદાજે ૧૦માંથી બે બાળકો સહીત ૫ લોકોને ગંભીર ઈજા પહોંચી હતી. તમામને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ પૈકી રાઈડ ઓપરેટરની હાલત વધુ ગંભીર હોવાના કારણે તેને સુરતની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.નવસારી જિલ્લાના બીલીમોરામાં ખૂબ જાણીતા સોમનાથ મહાદેવ મંદિર પરિસરમાં



સમગ્ર શ્રાવણ મહિના દરમિયાન મેળો ભરાય છે. મંદિર પરિસરની જગ્યામાં ચકડોળ સહિતની વિવિધ રાઈડ્સ પણ લગાવવામાં આવી છે. ભગવાન સોમનાથનાં દર્શને આવતા લાખો શ્રદ્ધાળુઓ આ મેળામાં ફરીને મનોરંજન માણે છે, ત્યારે ગત મોડી રાત્રિએ ૧૦થી ૧૧ વાગ્યાની આજુબાજુ અંદાજે ૫૦ ફૂટ ઊંચા ટાવર સમાન લોખંડના પિલર પર ઉપર નીચે થતી એડવેન્ચર રાઈડ, જેને ટાવર રાઈડ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ રાઈડ ઉપર ગયા પછી નીચે ઊતરતાં રાઈડનો કેબલ તૂટી જતાં ધડાકાભેર નીચે પટકાતાં અફરાતફરી મચી ગઈ હતી. આ અકસ્માતમાં રાઈડમાં અંદાજે ૧૦થી વધુ લોકો મજા માણી રહ્યા હતા. તેઓ ધડામ કરીને નીચે પટકાતાં તમામને નાની-મોટી ઈજા થઈ હતી. ઈજાગ્રસ્તોમાં બે મહિલા, બે બાળકો અને રાઈડ ઓપરેટર ગંભીર રીતે ઘવાતાં તેમને તાત્કાલિક નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. ઈજાગ્રસ્તોમાં કમરમાં વધુ માર વાગતાં જશ રાજીવ ટંડેલ (ઉં.વ.૧૪), દીર્ઘ હેમંત ટંડેલ (ઉં.વ.૧૪), રોશની વિકાસ પટેલ (ઉં.વ.૩૦) અને દિશા રાકેશ પટેલ (ઉં.વ.૨૧)ને બીલીમોરાની હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે. સોમનાથ મંદિર ટ્રસ્ટે ખુલાસો કર્યો કે, ‘‘અમે માત્ર મેદાન ભાડે આપ્યું હતું’’, મેળામાં સાત રાઈડનો કોન્ટ્રાકટ શિવમ એજન્સી પાસે હતો.

## ઉછીના રૂપિયા નહીં આપતા બે શખ્સોનો યુવક પર તલવાર વડે હુમલો

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૯ |

અમરાઈવાડીમાં મિત્ર સાથે નાસ્તો કરવા ગયેલા યુવક જોડે પાડોશમાં રહેતા બે શખ્સોએ હાથ ઉછીના રૂપિયા માગતા યુવકે મારી પાસે રૂપિયા નથી તેમ કહ્યું હતું. આથી બંને શખ્સોએ યુવક અને તેના મિત્ર સાથે માથાકૂટ કરીને યુવકના કપાળમાં તલવારનો એક ઘા મારીને જીવલેણ હુમલો કર્યો હતો. લોહીલુહાણ હાલતમાં ઘાયલ યુવક જમીન પર પટકાતા આસપાસના લોકો ઘાયલ યુવકને સારવાર માટે લઈ ગયા અને બાદમાં યુવકે બે શખ્સો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે.અમરાઈવાડીમાં રાધાકિશન નગરમાં રહેતો સુરેશ વણઝારા (ઉ.૩૫) રિક્ષા ચલાવીને પરિવારને ગુજરાન ચલાવે છે. ગત તા.૧૭ ઓગસ્ટના રોજ તે મિત્ર સાથે નાસ્તો કરતો હતો. ત્યારે પાડોશમાં રહેતા બે શખ્સો આવ્યા અને સુરેશ પાસે હાથ ઉછીના રૂપિયાની માગણી કરવા લાગ્યા હતા. પરંતુ યુવકે રૂપિયા આપવાથી ઈનકાર કરતા બંને શખ્સોએ યુવક અને તેના મિત્ર સાથે બોલાચાલી કરવા લાગ્યા અને યુવકને કહેવા લાગ્યા કે તું તો ભિખારી છે, તારી પાસે જ્યારે પણ રૂપિયા માગીએ ત્યારે હોતા જ નથી કહીને અપમાનિત કરતા યુવકે માથાકૂટ કરવાથી ઈનકાર કરતા બંને શખ્સોએ સુરેશ અને તેના મિત્રને ઢોર માર માર્યો હતો.

## અમદાવાદમાં રૂપિયા ન આપતા પિતાની હત્યા કરનાર પુત્રને આજીવન કેદની સજા

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૯ |

સરખેજ વિસ્તારમાં ઓક્ટોબર ૨૦૨૦માં પિતાની હત્યા કરનારા પુત્રએ પિતાને જમીન, મકાન, દાગીના વેચી પૈસા માગતા ઈનકાર કર્યો. જેથી ઉશ્કેરાયેલા પુત્રએ પિતાની હત્યા કરતા અમદાવાદ ગ્રામ્ય કોર્ટે આજીવન કેદની સજા સંભળાવી હતી. સાથે જ ચુકાદામાં નોંધ્યું હતુ કે, ગંભીર પ્રકારનો ગુનો છે, આરોપી સામે આખોય કેસ નિઃશંકપણે પુરવાર થાય છે, ત્યારે આવા કેસમાં આરોપીની સામે દયા ન દાખવી શકાય.બનાવ અંગે ફરિયાદ મુજબ હકીકત એવી હતી કે અમદાવાદના સરખેજ વિસ્તારમાં આવેલ ઔડાના મકાનમાં ૬૫ વર્ષીય મગનભાઈ કરશીભાઈ રબારી તેમના દીકરા સુરેશ, દીકરી સુરેખા સહિતના પરિવાર સાથે રહેતા હતા. સુરેશને તેના પિતા સાથે ઓક્ટોબર ૨૦૨૦માં પૈસા મામલે તકરાર થઈ હતી. જેથી ૯ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ સુરેશે પિતાને જમીન, મકાન અને ઘરેણાં વેચી પૈસા આપી દો તેમ કહ્યું હતું. જો કે, પિતાએ ઈનકાર કરી દીધો હતો. તે બાબતની અદાવત રાખી સુરેશે લાકડીના ફટકા પિતાને માર્યા હતા. જેથી ગંભીર હાલતમાં પિતાને સારવાર માટે પહેલાં સોલા સિવિલ લઈ જવામાં આવ્યા હતા. જો કે, ત્યાંથી સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું.




### નિયમ વિરુદ્ધ ઇશ્યૂ થયેલ પ્રોપર્ટી કાર્ડ રદ થયા

# ગોધરા સિટી સર્વે કચેરીમાં ચાલતા ભ્રષ્ટાચારનો પર્દાફાશ । ૨૮૦૦ પ્રોપર્ટી કાર્ડ રદ થતાં હાહાકાર

**એક પ્રોપર્ટી કાર્ડની તપાસમાં સમગ્ર ગેરરીતી બહાર આવી હતી કાલોલના કાતોલની જમીન ખેતી હેઠે ચાલતી હતી**

। પ્રતિનિધિ, ગોધરા, તા.૧૯ ।

ગોધરાની સીટી સર્વે કચેરીમાં તત્કાલિન સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટે નિયમ વિરુદ્ધ ૨૮૩૧ પ્રોપર્ટી કાર્ડ ઈશ્યૂ કર્યા હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. નિયમ વિરૂદ્ધ ઈશ્યૂ થયેલા ૨૮૩૧ પ્રોપર્ટી કાર્ડને જિલ્લા કલેકટરના હુકમથી રદ કરી દેવામાં આવ્યા છે. ત્યારે લાબા સમયમાં બોગસ બનેલા પ્રોપર્ટી કાર્ડ રદ થતા ચર્ચાનો વિષય બન્યો છે.

ગોધરા સીટી સર્વે કચેરીમાં પ્રોપર્ટી કાર્ડ ઈશ્યૂ કરવામાં ભ્રષ્ટાચાર કરાયો હોવાની રજૂઆત બાદ ગાંધીનગરની ટીમે ગોધરા કચેરીમાં ૩ દિવસ તપાસ કરતા ૨૮૩૧ પ્રોપર્ટી કાર્ડ નિયમ વિરુદ્ધ ઈશ્યૂ કરી હોવાનું બહાર આવતા તપાસ ટીમ તમામ ડોક્યુમેન્ટ લઈ જઈને તપાસ કરી હતી. તપાસ બાદ ગુજરાત સેટલમેન્ટ કમીશ્નર અને જમીન રેકર્ડ નિયાકમ હુકમ કર્યો કે ગોધરાના તત્કાલિન સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટ ડી.ડી.પટેલે કચેરીમાં ૨૮૩૧ થી વધુ પ્રોપર્ટી કાર્ડ ક્ષતિયુક્ત રીતે બનાવેલા હોવાનું પ્રસ્થાપિત થયું છે. જેથી ડી.ડી.પટેલ દ્વારા આચરવામાં આવેલા ગેરરીતીને લઈને તાત્કાલિક અસરથી ફરજ મોકુફી મુકવાનો હુકમ કરવામાં આવ્યો હતો.




જયારે કચેરીમાં ક્ષતિ યુક્ત ૨૮૩૧ પ્રોપર્ટી કાર્ડને રદ કરવા કે ચાલુ રાખવા તેની અસમસંજમાં કચેરી છે. હાલ ડીઆઈએલઆર દ્વારા વડી કચેરીમાં લેખીતમાં પ્રોપર્ટી કાર્ડની રજૂઆત કરી છે. વડી કચેરીમાંથી નીયમ વિરુદ્ધ ઈશ્યૂ કરેલા ૨૮૩૧ જેટલા પ્રોપર્ટી કાર્ડ જીલ્લા કલેકટર દ્વારા રદ કરવાનો હુકમ કરતા કચેરી દ્વારા તમામ નિયમ વીરુદ્ધ ઈશ્યૂ થયેલ પ્રોપર્ટી કાર્ડ રદ કરી દીધા છે. તેમજ રદ થયેલ પ્રોપર્ટી કાર્ડ ધારકોઓએ હવે નવેસરથી પ્રોપર્ટી કાર્ડની પ્રકીયા નિયમ મુજબ કરવી પડશે. જયારે જિલ્લામાં એક સાથે ૨૮૩૧ પ્રોપર્ટી કાર્ડ રદ થતા ચર્ચાનો વિષય બન્યો છે.

એક પ્રોપર્ટી કાર્ડની તપાસમાં સમગ્ર ગેરરીતી બહાર આવી હતી કાલોલના કાતોલની જમીન ખેતી હેડે ચાલતી હતી. અને તેમાં ખોટું પ્રોપર્ટી કાર્ડ બનેલ હોવાની શંકાના આધારે તપાસ કરવામાં આવી હતી. તપાસમાં એક સાથે ૨૮૦૦ થી વધુ નિયમો વિરુદ્ધ બનાવ્યા હોવાનું બહાર આવ્યું હતું. તેમજ ખેતીની જમીનના પણ પ્રોપર્ટી કાર્ડ બન્યા હોવાને લઈને તંત્ર દ્વારા કાર્યવાહી કરી છે. ખેતી જમીનના પ્રોપર્ટી કાર્ડ સહીત તમામ બોગસ પ્રોપર્ટી કાર્ડને રદ કરી દેવામાં આવ્યા છે.

અગાઉ તપાસ કરતા નિયમ વિરુધ્ધ ૨૮૦૦ થી પ્રોપર્ટી કાર્ડ ઈશ્યૂ કર્યા હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. આ નિયમ વિરુદ્ધ ઈશ્યૂ થયેલ તમામ પ્રોપર્ટી કાર્ડને રદ કરવામાં આવ્યા છે. પ્રોપર્ટી કાર્ડ રદ થતા તેઓ નવેસરથી નિયમ મુજબની પ્રકીયા કરીને નવા પ્રોપર્ટી કાર્ડ બનાવી શકશેઃ અજય દહિયા, કલેકટર, પંચમહાલ ગોધરાની સીટી સર્વે કચેરીમાં તત્કાલિન સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટે નિયમ વિરુદ્ધ ૨૮૩૧ પ્રોપર્ટી કાર્ડ ઈશ્યૂ કર્યા હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું.

### વર્ક ફ્રોમ હોમના નામે થતી ઠગાઇ બાદ સાયબર ગઠિયાઓની નવી તરકીબ

# અમદાવાદમાં જથ્થાબંધ ઓર્ડર અપાવવાની લાલચ આપી ગઠિયાએ યુવક પાસે ૭.૩૭ લાખ પડાવી લીધા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૯ ।

લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે - સાયબર ગઠિયાનો ભોગ બનેલા મોટાભાગના લોકો આ કહેવતને સાર્થક કરતા હોય છે. સાયબર ગઠિયાઓ આવા લોકોને વર્ક ફ્રોમ હોમ કે સસ્તામાં વસ્તુ આપવાના નામે ઠગાઈ આચરતા હતા. હવે સાયબર ગઠિયાઓએ તરકીબ બદલી છે અને માર્કેટિંગ તથા સેલ્સ અંતર્ગત જથ્થાબંધ ઓર્ડર અપાવવાનું કામ કરાવીને વિવિધ લાલચો આપીને નાણાં ખંખેરી રહ્યા છે. અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં રહેતા યુવકે સરકારી નોકરીની તૈયારી માટે એક એકેડેમીમાં એડમિશન લીધું હતું. કોઈ ગઠિયાએ આ એકેડેમીના કર્મી હોવાની ઓળખ આપીને યુવકનો સંપર્ક કર્યો હતો. બાદમાં લેપટોપ અને મોબાઈલ ફોન ફ્રીમાં મળશે અને ૩૦ મિત્રોનો ઓર્ડર અપાવશો તો ફી માફીની સાથે કમિશનની લાલચ આપી હતી. યુવકે તેના મિત્રોનો ઓર્ડર લઈને આ ગઠિયાને ૭.૩૭ લાખ ચૂકવી દીધા હતા. ગઠિયાની જાળમાં આવેલા યુવક પાસે વધુ નાણાં માંગવામાં આવ્યા ત્યારે તેને સાયબર ળોડની શંકા જતા પોલીસ ફરિયાદ નોંધાવી છે. ધોળકાના એક ગામમાં રહેતા ૨૫ વર્ષીય યુવકે સરકારી નોકરીની તૈયારી માટે ઓનલાઈન સર્ચ કરીને એક એકેડેમીમાં એડમિશન લીધું હતું. સિવિલ સર્વિસ કોર્સની ૩૭ હજાર ફી ભરીને યુવકે અભ્યાસ શરૂ કર્યો હતો. જે બાદ તેને યશ પાંડે નામના શખ્સે ફોન કર્યો હતો.

## સુરત શહેરમાં રોગચાળાનો વધુ એકનો ભોગ લેવાયો

। પ્રતિનિધિ, સુરત, તા.૧૯ ।

સુરત શહેરમાં રોગચાળાનો વધુ એકનો ભોગ લેવાયો છે. સચિન જીઆઈડીસી વિસ્તારમાં રહેતા ૨૩ વર્ષીય યુવકનું ઝાડા, ઉલટી અને તાવ બાદ મોત થતાં ચકચાર મચી ગઈ છે. યુવકના અચાનક અવસાનથી તેનો પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે. સચિન જીઆઈડીસી પાલી ગામમાં રહેતા પુરુષોત્તમ કુમારને છેલ્લા બે દિવસથી ઝાડા-ઉલટી અને તાવની ફરિયાદ હતી. શરૂઆતમાં તેમણે ઘરની નજીકના એક ખાનગી દવાખાનામાં સારવાર લીધી હતી. જોકે, તબિયત વધુ લથડતા તેમને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

કમનસીબે, હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતક પુરુષોત્તમ સચિનના પાલી ગામમાં વેલ્ડીંગની દુકાન ચલાવીને પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતા હતા. તેમના અચાનક અવસાનથી પરિવાર પર આભ તૂટી પડ્યો છે. આ ઘટના અંગે સચિન જીઆઈડીસી પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. રોગચાળાના કારણે યુવકના મોતથી સ્થાનિકોમાં ભયનો માહોલ ફેલાયો છે.

## જામનગરમાં રિક્ષા મુસાફરના સ્વાંગમાં ૭૦ વર્ષીય વૃદ્ધાની સોનાની બંગડી લૂંટી, એક મહિલા સહિત ૫ની અટકાયત

। પ્રતિનિધિ, જામનગર તા.૧૯ ।

જો તમે પણ જામનગરમાં રિક્ષામાં મુસાફરી કરો છો, આ કિસ્સો તમારી માટે એક ચેતવણીરૂપ સાબિત થઈ શકે છે. કારણ કે, શહેરમાં રિક્ષા મુસાફરીના સ્વાંગમાં એકલા વ્યક્તિઓને ડરાવી-ધમકાવીને રોકડ અને સોના-ચાંદીના દાગીનાની લૂંટ આચરનાર એક મહિલા સહિતની પાંચ સભ્યોની ગેંગનો પર્દાફાશ થયો છે. આવી રીતે લૂંટનો ભોગ બનનાર એક ૭૦ વર્ષીય મહિલાની ફરિયાદને આધારે પોલીસે તુરંત એક્શનમાં આવી લૂંટેલી સોનાની બંગડી સહિતના મુદ્દામાલ સાથે આ ધાડપાડુ ગેંગને દબોચી લીધી છે અને તેમની પૂછપરછમાં અગાઉ સાત જેટલી આવી લૂંટો આચરી હોવાનું આ ઠગ ગેંગે કબૂલ્યું છે.બનાવની મળતી વિગતો અનુસાર, જામનગર શહેરના ચૂનાના ભઠ્ઠા વિસ્તારમાં રહેતા ૭૦ વર્ષીય સવિતાબેન બચુભાઈ ઝાલા ગત ૧૩ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ જામનગરના ખંભાળિયા નાકા પાસે ખરીદી કરવા માટે ગયા હતા અને પોતાના ઘેર જવા માટે રિક્ષાની રાહ જોઈને ઊભા હતા. આ દરમિયાન એક મહિલા ઉપરાંત ત્રણ પુરુષો મુસાફરો સહિતની એક ઝડ્ડપ રીક્ષા તેની પાસે ઊભી રહી હતી અને ૨૦ રૂપિયા ભાડામાં પોતાના ઘર તરફ જવાનું નક્કી કર્યું હતું.ફરિયાદ મુજબ, રિક્ષામાં અગાઉથી બેઠેલા આ તમામ શખ્સોએ સાથે મળીને રિક્ષા ચાલુ થતા જ વૃદ્ધા સવિતાબેન સાથે મારકૂટ કરી, ડરાવી-ધમકાવી તેમના હાથમાં પહેરેલી ૮૦,૦૦૦ રૂપિયાની કિંમતની સોનાની બે બંગડીની લૂંટ ચલાવીને રસ્તા વચ્ચે જ રિક્ષામાંથી ઉતારી તમામ આરોપીઓ ભાગી છૂટ્યા હતા. જે બાદમાં આ મામલે વૃદ્ધાએ પોલીસમાં આપવીતી વર્ણવી ફરિયાદ નોંધાવી હતી અને પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરી હતી.વૃદ્ધાની ફરિયાદને આધારે પોલીસની ટુકડી દોડતી થઈ અને રિક્ષાના નંબર મેળવીને તપાસ શરુ કરી હતી. જે તપાસના અંતે એક મહિલા સહિત પાંચ શખ્સોને હાલ અટકાયતમાં લેવાયા છે.







## તંત્રી લેખ...

# પશ્ચિમ બંગાળના હાવડામાં તો હદ જ થઈ ગઈ

રામનવમીના તહેવાર પ્રસંગે દેશના કેટલાક હિસ્સામાં જે રીતે ઉપદ્રવ મચાવવામાં આવ્યો અને શ્રીરામની શોભાયાત્રાઓને નફરતી તત્ત્વો દ્વારા નિશાન બનાવવામાં આવી, તેનાથી ગયા વર્ષની એ ઘટનાઓની યાદ તાજી થઈ ગઈ, જ્યારે આ જ પર્વ દરમ્યાન કેટલાય શહેરોમાં મોટા પાયે હિંસા આચરવામાં આવી હતી. એ માનવાનાં ઘણાં કારણો છે કે રામનવમી પર કાઢવામાં આવતી શોભાયાત્રાઓ પર કોઈ સુનિયોજિત ષડયંત્ર અંતર્ગત હુમલા થઈ રહ્યા છે. તેનું પ્રમાણ મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજી નગર, ગુજરાતના વડોદરા અને પશ્ચિમ બંગાળના હાવડામાં થયેલ હિંસાથી મળી આવે છે. સંભાજી નગરમાં એક રામ મંદિર પાસે ભારે હિંસા કરવામાં આવી અને જ્યારે પોલીસ સ્થળ પર પહોંચી તો ઉપદ્રવીઓએ તેને પણ નિશાનો બનાવી. તેને કારણે કેટલાય પોલીસકર્મીઓ પણ ઘાયલ થઈ ગયા. વડોદરામાં રામનવમીએ નીકળેલી બે શોભાયાત્રાઓ પર હુમલા કરવામાં આવ્યા. પશ્ચિમ બંગાળના હાવડામાં તો હદ જ થઈ ગઈ. ત્યાં શોભાયાત્રા પર હુમલાની સાથે જ હિંદુઓના ઘરો અને દુકાનોને પણ નિશાનો બનાવવામાં આવી. એનાથી પણ ચિંતાજનક વાત એ રહી કે ત્યાં બીજા દિવસે પણ હિંસા ચાલુ જ રહી. હાવડામાં શુક્રવારની નમાજ બાદ હિંસક ભીડે જેવો ઉત્પાત મચાવ્યો, તેનાથી સ્પષ્ટ છે કે તેમનું દુસ્સાહસ વધેલું હતું અને તેમને પોલીસની સતર્કતાથી કશો ફરક પડતો ન હતો.આશ્ચર્ય નહીં કે મુખ્યમંત્રી મમતા બેનર્જીના એ કથને ઉપદ્રવી તત્ત્વોનું દુસ્સાહસ વધારવાનું કામ કર્યું હોય કે મુસ્લિમ વિસ્તારોમાંથી રામનવમીની શોભાયાત્રાઓ ન કાઢવામાં આવે. આખરે આ પ્રકારનું નિવેદન આપવાની જરૂર જ શી હતી? શું શોભાયાત્રાઓ માટે મુસ્લિમ વિસ્તારો નિષેધ છે? જો કોઈ એમ કહે કે હિંદુ સમુદાય મુસ્લિમ વિસ્તારોમાંથી શોભા યાત્રાઓ ન કાઢે તો પછી કોઈ એમ પણ કહેશે કે મુસલમાનોએ પોતાનાં જુલૂસ હિંદુઓના વિસ્તારમાંથી ન કાઢવાં જોઈએ. શું મમતા બેનર્જી આવું ઈચ્છે છે? શું મુસ્લિમ વિસ્તારો કોઈ એવાં વિશેષ સ્થળ છે, જ્યાં અન્ય કોઈ સમુદાયના લોકોએ ન જવું જોઈએ? આ સવાલ માત્ર મમતા બેનર્જીને જ નહીં, એમને પણ છે, જેઓ ગંગા-જમુની તહેજીબનાં ગતકડાં રમતાં મૂક્યા કરે છે. આ કથિત તહેજીબ એક છેતરપિંડી જ છે અને તેમાં મુસ્લિમ સમુદાય સિવાય અન્ય કોઈ બીજા માટે સ્થાન નથી. આ તહેજીબનાં વખાણ કરનારાઓએ એ પણ જણાવવું જોઈએ કે આખરે શોભાયાત્રાઓ પર જ હુમલા કેમ થઈ રહ્યા છે? જ્યારે હાવડામાં શોભાયાત્રા પોલીસ દ્વારા નક્કી કરવામાં આવેલા માર્ગ પર જ નીકળી રહી હતી, તો પછી તેના પર કોઈ વાંધો કેવી રીતે ઉઠાવી શકે? એનાથી પણ મોટો પ્રશ્ન એ છે કે કોઈ શોભાયાત્રા પર હુમલો કરવાની હિંમત જ કેવી રીતે કરી શકે? સામાન્ય રીતે આવી હિંમત ત્યારે જ થઈ શકે, જ્યારે તોફાની તત્ત્વોને પોલીસની કોઈ જ બીક ન રહી હોય. શોભાયાત્રાઓ પર થનારા હુમલા માત્ર કાયદો-વ્યવસ્થાને જ સીધો પડકાર નથી, બલ્કે દેશના સામાજિક તાણાવાણાને ધ્વસ્ત કરવાની કુચેષ્ટા પણ છે.

# ફુડ સંબંધિત કોર્સમાં હવે ધસારો



આધુનિક સમયમાં સપ્તાહમાં એક અથવા તો વધુ વખત ઘરની બહાર હોટેલ અને રેસ્ટોરન્ટમાં ભોજન કરવાનો ક્રેઝ જોવા મળી રહ્યો છે. આવી સ્થિતીમાં ફુડ સાથે સંબંધિત કોર્સમાં જોડાઈને શાનદાર કેરિયર પણ બનાવી શકાય છે. આ ફુડ ક્ષેત્રે પણ અનેક લોકો તેમની કેરિયરને લોકપ્રિયતાની ચરમસીમા પર લઈ ગયા છે. સારા ફુડ પ્રોડકશન મેનેજરની પણ ભારે માંગ હવે જોવા મળી રહી છે. ફુડ પ્રોડક્શન મેનેજરની કેરિયર સ્વાદ સાથે જોડાયેલી છે. જો તમને જુદા જુદા પ્રકારના સ્વાદિષ્ટ ભોજનમાં વધારે રસ છે તો આ કેરિયરમાં આગળ વધી શકાય છે. સફળ કેરિયર આમાં પણ બને છે. એક ફુડ પ્રોડક્શન મેનેજર ખાસ પ્રકારના ભોજન તૈયાર કરવાના તમામ પાસાથી સંપૂર્ણ વાકેફ હોય છે. આવી સ્થિતીમાં આ યુવાનો જેમનો રસ કેટરિંગ, ભોજન, બનાવવામાં અને ખાસ પ્રકારની ડીસ બનાવવામાં વધારે છે તે યુવાનો આ ક્ષેત્રે આગળ વધી શકે છે. ઈન્ડિયન, કોન્ટિનેન્ટલ, ચાઈનીજ અને અન્ય ઈન્ટરનેશનલ ભોજન બનાવવામાં રસ ધરાવે છે તે તમામ લોકો ફુડ પ્રોડક્શન મેનેજર બનીને કેરિયર બાનાવી શકે છે. છેલ્લા કેટલાક સમયમાં જે રીતે હોટેલ એન્ડ હોસ્પિટાલિટી ઈન્ડસ્ટ્રીઝમાં ગ્રોથ થયો છે તેના કારણે હોટેલ ઈન્ડસ્ટ્રીઝના પ્રોફેશનલોની માંગમાં તીવ્ર વધારો થયો છે. ઈન્ડિયા બ્રાન્ડ ઈક્વિટીના કહેવા મુજબ વર્ષ ૨૦૧૫-૧૬માં ભારત આવનાર વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં આશરે સાડા સાત ટકાનો વધારો થયો છે. મોટા શહેરો સિવાય નાના નાના શહેરોમાં પણ હોટેલ અને રેસ્ટોરન્ટ ખુલી રહ્યા છે. આવી સ્થિતીમાં પોતાના કામમાં કુશળતા ધરાવતા પ્રોફેશનલ લોકોની માંગમાં તીવ્ર વધારો થયો છે. હોટેલ ઈન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલા કેટલાક ખાસ કોર્સ દેશના જુદા જુદા ભાગોમાં ચાલે છે. આમાંથી એક કોર્સ ફુડ પ્રોડક્શન માટે પણ છે. જો તમને ભોજન બનાવવામાં વધારે રસ છે તો ફુડ પ્રોડક્શન મેનેજર બનીને કેરિયરને આગળ વધારી દેવાની સારી તક રહેલી છે. જાણકાર લોકોના કહેવા મુજબ સ્વાદની દુનિયાની કલાને સિખવાડવા અને તેને વધારે સારી બનાવવા માટે કેટલીક સંસ્થાઓ મદદ કરે છે. પ્રવેશ મેળવી લેવા માટે અભ્યાસ કરનાર દાવેદાર દસમાં અથવા તો ૧૨ ધોરણમાં પાસ થયેલી રહે તે જરૂરી છે. દસમાં ધોરણમાં પાસ થયેલા વિદ્યાર્થીઓ ડિપ્લોમાં અને ૧૨માં ધોરણને પાસ કરી ચુકેલા વિદ્યાર્થીઓ ડિગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકે છે. આ ઉપરાંત તેમાં પાક કલાની કુશળતા હોવી જોઈએ. ફુડ ક્રાફ્ટ, ફુડ પ્રોડક્શન, ફુડ એન્ડ બેવરેજ સર્વિસ અથવા તો બેરી કન્ફેક્શનરીમાં ડિગ્રી અથવા તો ડિપ્લોમાં સર્ટિફિકેટ મેળવી શકાય છે. આમાં ડિપ્લોમાં અથવા તો ડિગ્રી મેળવી લેવામાં આવ્યા બાદ રોજગારીની કેટલીક તકો રહે છે. હોટેલ અથવા તો રેસ્ટોરન્ટ, એર કેટરિગ, રેલવે કેટેરિંગ, આર્મી કેટરિગ, ફુડ પ્રોસેસિંગ કંપનીઓ, થીમ રેસ્ટોરન્ટ, મોલ્સ, બેઝ કિચન, ક્રુઝ લાઈનર, કોર્પોરેટ કેટરિગમાં નોકરીની કેટલીક તક રહેલી છે. હોટેલ મેનેજમેન્ટના કોર્સ કરી લેવામાં આવ્યા બાદ આપને કોઈ મોટી સંસ્થા અથવા તો હોટેલ કંપનીમાં ઈન્ટર્નશીપ કરવી પડે છે. ફુડ પ્રોડક્શન મેનેજરની ટ્રેનિંગ લઈ લેવામાં આવ્યા બાદ કેટલાક સમયના અનુભવ પછી તમે ૧૮થી ૩૦ લાખ રૂપિયા સુધી વાર્ષિક પગાર મેળવી શકાય છે. અલબત્ત વેતન સંસ્થાન માટે ધોરણ અલગ હોઈ શકે છે. પરંતુ એક સારા અને કુશળ ફુડ પ્રોડક્શન મેનેજરને પ્રતિ માસ ૧૦થી ૧૫ હજાર રૂપિયા સરળતાથી મળી શકે છે. દસ વર્ષના અનુભવ બાદ ૫૦ હજાર રૂપિયા સરળતાથી મળી શકે છે. એક્ઝીક્યુટીવ શેફ બની જવાની સ્થિતીમાં તો સેલેરી લાખો સુધી પહોંચી જાય છે. ભોજનને જેટલા સ્વાદિષ્ટ બનાવવાની કુશળતા રહેશે તેટલો સારો પગાર ઉમેદવારને મળે છે.



**સમય ઓનલાઇન, ઇ-કોમર્સનો છે ત્યારે સાવધાની જરૂરી બની....**

**ઠગ લોકોએ પણ ઓનલાઇન શોપિંગ, બેંક ટ્રાન્જેક્શનથી લઇને સોશિયલ મિડિયા સુધી તેમના નેટવર્કને ફેલાવી દેવામાં સફળ સાબિત થઇ રહ્યા છે પરંતુ સામાન્ય લોકો જો થોડીક સાવધાની રાખે તો આવા ઠપ લોકોની છેતરપિંડીનો શિકાર થવાથી બચી શકે છે**

# ફ્રોડના કેસો હવે સતત વધી રહ્યા છે

**૩૬ ટકા લોકો ઓનલાઇન છેતરપિંડીનો શિકાર થઇ રહ્યા છે : નવા સર્વે મુજબ ઓનલાઇન શોપિંગ સુવિધાજનક છે પરંતુ સાવધાની જરૂરી છે**

ભાગદોડની લાઈફમાં લોકો ઓનલાઈન ખરીદી અને કારોબાર તરફ વધી રહ્યા છે. પરંતુ આને લઈને કેટલીક સાવધાની જરૂરી બની ગઈ છે. કારણ કે ઓનલાઈન કારોબારના સમયમાં ઠગાઈ અને છેતરપિંડીના કેસમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. લોકો ઓનલાઈન ખરીદી કરીને કેટલીક વખત મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. ઓનલાઈનનો છે. સાવધાની વધારે જરૂરી બની ગઈ છે. ઈ-કોમર્સનુ નેટવર્ક પણ હાલમાં રોકેટ ગતિથી ફેલાઈ રહ્યુ છે.




આવી સ્થિતીમાં ઠગ લોકોએ પણ ઓનલાઈન શોપિંગ, બેંક ટ્રાન્જેક્શનથી લઈને સોશિયલ મિડિયા સુધી તેમના નેટવર્કને ફેલાવી દેવામાં સફળ સાબિત થઈ રહ્યા છે. પરંતુ સામાન્ય લોકો જો થોડીક સાવધાની રાખે તો આવા ઠપ લોકોની છેતરપિંડીનો શિકાર થવાથી બચી શકે છે. તાજેતરમા ં જ જારી કરવામાં આવેલા એક રિપોર્ટમાં કહેવામાં આવ્યુ હતુ કે ૩૬ ટકા લોકો ક્યારેક ક્યારેક ઓનલાઈન ચેટિંગનો શિકાર થઈ જાય છે. ઓનલાઈન બિલ પેમેન્ટ કરવા, કોઈ ઈ-કોમર્સ સાઈટ પર ગેજેટની ખરીદી કરતી વેળા અને એટીએમમાંથી પૈસા ઉપાડતી વેળા લોકો છેતરપિંડીનો શિકાર થઈ જાય છે. આરબીઆઈના ડેટા દર્શાવે છે કે વર્ષ ૨૦૨૧માં બેંકોના એટીએમ, ક્રેડિટ કાર્ડ અને ડેબિટ કાર્ડ સાથે સંબંધિત ફ્રોડના અનેક મામલા નોંધવામાં આવ્યા હતા. આ એવા ૪૯૪૫૫ કેસો કરતા અલગ છે જે ફિશિંગ, સ્કેનિંગ, હેકિંગ સાથે જોડાયેલા છે. એટલુ જ નહી આવા મામલાની સંખ્યા અનેક ગણી વધારે છે જેનો ઉલ્લેખ રિપોર્ટમાં કરવામાં આવ્યો નથી. ઓનલાઈન શોપિંગનો ક્રેઝ હાલમાં સૌથી વધારે જોવા મળે છે. તેમાં ઓનલાઈન શોપિંગ ખુબ સુવિધાજનક છે. ઈલેક્ટ્રોનિક ચીજ વસ્તુઓની ખરીદી કરવા અને અને ઘરની કો િચીજવસ્તુઓ ખરીદવા માટે હવે ઓનલાઈન શોપિંગનો ક્રેઝ વધારે જોવા મળે છે. દુખદ બાબત એ છે કે ઓનલાઈન શોપિંગમાં પણ કેટલીક પ્રકારની છેતરપિંડીની શરૂઆત થઈ ગઈ છે. કેટલાક કેસમાં ઓનલાઈન ઓર્ડર કરવામાં આવ્યા બાદ આપની પાસે પ્રોડક્ટ પહોંચી શકતી નથી. અથવા તો કેટલાક કેસમાં તુટેલી ચીજવસ્તુઓ પહોંચી જાય છે. કેટલાક કેસમાં બનાવટી ચીજ પણ પહોંચી જાય છે. કેટલાક કેસમાં ખાલી પેકેટ પણ મળી જાય છે. કેટલાક કેસમાં પથ્થર ભરેલા પેકેટ પણ મળી જાય છે. એક ગાજિયાબાદની વ્યક્તિએ માહિતી આપતા કહ્યુ છે કે ૪૬ હજાર રૂપિયામાં આઈફોન-૬ ઓર્ડર કરવામાં આવ્યા બાદ પેકેટ ઘરે પહોંચતા તેમાં પથ્થર નિકળ્યા હતા.હકીકતમાં આ સમસ્યા કોઈ પણ તબક્કામાં થઈ શકે છે. આના માટે સેલ અને ડિલિવરી વ્યવસ્થાને સમજવાની જરૂર હોય છે. ફેબ ઈન્ડિયા જેવી સાઈટસ માત્ર પોતાના પ્રોડક્ટ વેચે છે. જ્યારે મોટા ભાગની સાઈટ એવી છે જે ઘણા બધા સેલર માટે પ્લેટફોર્મ ઉપલબ્ધ કરાવે છે. ફલીપકાર્ટ, નો સમાવેશ થાય છે. અહીં જે ઓર્ડર અપાય છે. તે પ્રોડક્ટ વેબસાઈટ અથવા તો સેલર પોતે આપના સુધી પ્રોડક્ટસ પહોંચાડે છે. જેના કારણે પ્રોડકટસ ની ક્વાલિટી અને ડિલિવરીની ગેરંટી હોય છે. આ સાઈટો બીજા સેલરથી પેદાશો ખરીદે છે. પરંતુ તેની ક્વાલિટી ચકાસે છે. પોતે જે ડિલિવરી કરે છે. જેમ કે ફલીપકાર્ટ ટુંક સમયમા ં જ એફ-એશ્યોર્ડ લોંચ કરનાર છે. જેના કારણે વધારે સારી રીતે ચીજ પહોંચાડવાની વ્યવસ્થા રહેશે. એનેઝોન પણ એક પ્રાઈમ પેઈડ સર્વિસ છે. જે ૫૦૦ રૂપિયા વર્ષભરના આપવાના કેસમાં આવી સુવિધા આપે છે. ટેકનોલોજીની સારી સુવિધા ધરાવનાર ઠર લોકો કેટલીક વખત એક જેવા દેખાતા લોકો અને ડોમેન નેમની સાથે નકલી સાઈટ બનાવી નાંખે છે.

જે બિલકુલ અસલ જેવી દેખાય છે. આના મારફતે કસ્ટમરો મારફતે નાણાં વસુલ કરીને ગાયબ થઈ જાય છે. નકલી વેબસાઈટનો ઉપયોગ કરીને લોકોને જુદા જુદા લાલચ આમાં આપવામાં આવે છે. જેના ભાગરૂપે ઠગ લોકો ખુબ સફાઈથી લોકોને ગેરમાગે દોરી દેવામાં સફળ રહે છે. બીજી રીતે સાઈટ સાચી અને સેલર ખોટા તેવી બાબત હોય છે. જો તમને કોઈ પેદાશ મળતી નથી અથવા તો તુટેલી મળે છે તો વેબસાઈટ નહી બલ્કે સેલર અથવા તો કુરિયર કંપની ઠગાઈ કરનાર હોઈ શકે છે. અલબત્ત આ સાઈટ્સ પોતે પણ ખરીદારના રેટિંગ અને બીજા તરીકા સાથે સેલર પર ચાંપતી નજર રાખે છે. છતાં તમામ છેતરપિંડી કરનાર લોકોને પકડી પાડવાની બાબત સરળ હોતી નથી.



**સલાહ : ફિટનેસને જાળવીને જ કોઇ નક્કર કામો કરી શકાય છે....**

**વર્કઆઉટ કરવા માટે યોગ્ય માર્ગદર્શન પણ નથી જો કે તમામ બોલિવુડના કલાકારોની જેમ જ ઘરમાં જ રહીને ફિટનેસ જાળવી શકાય છે જો કે આના માટે સંપૂર્ણ શિસ્ત ખુબ જરૂરી છે વર્ક આઉટ કરવા માટે સૌથી પહેલા શરીરને ફિટ કરવામાં આવે તે જરૂરી છે**

# હાલના સમયમાં વર્કઆઉટ ખુબ જરૂરી

**યોગ્ય સમય પર ફુલ મસ્તી અને મુડ સાથે વર્ક આઉટ કરવા અને બોડીને ફિટ રાખવા શ્રેણીબદ્ધ વિકલ્પ છે : તમામ વિકલ્પો અજમાવવાની જરૂર**

કોરોનાથી બોધપાઠ લીધા બાદ હવે લોકો આરોગ્યને લઈને વધારે સાવધાન થયા છે. કોરોના કોઈ પણ કિંમતે બિમારીથી દુર રહેવાના પ્રયાસો કરે છે. આ બાબતને ધ્યાનમાં લઈને લોકો ઈમ્યુનિટી વધારવા અને અને ફિટનેસ પ્રત્યે વધારે ધ્યાન આપી રહ્યા છે. કેટલાક લોકો ફિટનેસને લઈને ચિંતાતુર બની ગયા છે. કારણ કે તેમની પાસે વર્કઆઉટ કરવા માટે યોગ્ય માર્ગદર્શન પણ નથી. જો કે તમામ બોલિવુડના કલાકારોની જેમ જ ઘરમાં જ રહીને ફિટનેસ જાળવી શકાય છે. જો કે આના માટે સંપૂર્ણ શિસ્ત ખુબ જરૂરી છે. વર્ક આઉટ કરવા માટે સૌથી પહેલા શરીરને ફિટ કરવામાં આવે તે જરૂરી છે. ધીમી ગતિથી આની શરૂઆત કરવી જોઈએ. પોતાના રૂમમાં હળવી કસરત કરીને પણ ફિટનેસ મેળવી શકાય છે. ઘરમાં પણ રહીને ફિટનેસ જાળવી શકાય છે. આના માટે પોતાના ફેવરીટ કલાકારોના વિડિયોનો ઉપયોગ કરી શકાય છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે શરીર માટે કસરત ખુબ જરૂરી છે પરંતુ રોજ રોજ એક પ્રકારની કસરત અથવા તો વર્કઆઉટથી કેટલીક વખત કંટાળો આવવા લાગી જાય છે. જો તમે બોર થયા વગર વર્ક આઉટ કરો છો તો કોઈ તકલીફ નથી પરંતુ જો બોરિંગ અનુભવ થાય તો મસ્તીની સાથે




વર્ક આઉટ કરવામાં આવે તે જરૂરી છે. ફુલ મસ્તીની સાથે દરરોજ વર્ક આઉટ કરવા માટે પણ શ્રેણીબદ્ધ વિકલ્પ રહેલા છે. બોડીને ફિટ રાખવા માટે કેટલાક વિકલ્પ સ્પષ્ટપણે રહેલા છે. જેને અજમાવીને રાહત અનુભવ કરી શકાય છે. ૯૦ના દશકમાં કોલંબિયા ફિટનેસ નિષ્ણાંતો દ્વારા શરૂ કરવામા ંઆવેલા વર્ક આઉટ હાલના દિવસોમાં ભારતમાં ખુબ લોકપ્રિય છે. લૈટિન મ્યુઝિકની સાથે તેમાં જુદા જુદા ડાન્સ ફોર્મના મિશ્રણ રહેલા છે. જેમ કે સાલસા, બેલી ડાન્સિગ, સોકા, રિગેટન, જુમ્બાનો સમાવેશ થાય છે. જુમ્બા કેટલાક પ્રકારના હોય છે. જેમ કે સ્વિમિંગ પુલમાં એક જુમ્બા કરવામાં આવે છે. બાળકો માટે જુમ્બા કિડસ્ છે. મોટી વયના લોકો માટે જુમ્બા ગોલ્ડ છે. જુદા જુદા સંગીતના તાલ પર ઝુમવાથી પણ સારી કસરત થઈ જાય છે. પોઈલેટ્સ વર્ક આઉટ પણ ઉપયોગી છે. કમજોર ઘુટણ અને પીઠ માટે આ વર્ક આઉટ આદર્શ સાબિત થઈ શકે છે. જેને ચાદર બિછાવીને સુઈ જઈને મ્યુઝિક સાથે કરવામાં આવે છે. આના કારણે શરીરમાં તાજગી રહે છે. કમરના હિસ્સાને મજબુતી મળે છે. ફલેક્સિબિલિટી આવે છે. આને મોર્નિંગ વર્ક આઉટના હિરો તરીકે ગણી શકાય છે. આની શરૂઆત એક જર્મન નિષ્ણાંત દ્વારા કરવામાં આવી હતી. વર્ષ ૨૦૦૫માં આની લોકપ્રિયતા વિશ્વભરમાં વધી હતી. ત્યારબાદ લોકો આ વર્કઆઉટ તરફ આકર્ષિત થયા હતા. છેલ્લા કેટલાક વર્ષોથી ભારતમાં પણ પાઈલેટ્સની લોકપ્રિયતા સતત વધી છે. મસાલા ભાંગડા નામથી પણ એક વર્ક આઉટ કરવામાં આવે છે. યુવા પેઢી માટે આ એક શાનદાર અને મસ્તી સાથે કરવામા ંઆવતા વર્ક આઉટ તરીકે છે. આમાં પોપ અને ભાંગડા બન્ને મિશ્ર છે. આમાં ઢોલના તાલ પર ફાસ્ટ મુવમેન્ટ રહેલા છે. આ એક તીવ્ર વર્ક આઉટ છે.વિવિધ બિમારી ખાસ કરીને હાર્ટ માટે આ એક જોરદાર કાર્ડિયો એક્ટિવિટી છે. પાઈલેટ્સ અને બોક્સિંગના યોગ્ય તરીકે પાઈલોકિસગ છે. આની શરૂઆત સ્વીડનના નિષ્ણાંતો દ્વારા કરવામાં આવી હતી. મહિલાઓ માટે આ ખાસ ફાયદાકારક છે. આના કારણે મહિલાઓમાં આત્મવિશ્વાસ અને ફિટનેસને લઈને વિશ્વાસ વધે છે. આ કસરતથી મનને પણ સંતોષ મળે છે. જોરદાર વર્ક આઉટ કરવાના બદલે ફુલ મસ્તીમાં વર્ક આઉટ પણ અસરકારક સાબિત થાય છે. નવા નવા અભ્યાસમાં પણ આ બાબત સાબિત થઈ ચુકી છે કે આધુનિક સમયમાં ભાગદોડની લાઈફમાં પણ વ્યક્તિ થોડાક સમય માટે વર્ક આઉટ કરે તે જરૂરી છે. વર્કઆઉટ શરીરને ફિટ રાખવામાં અને કેટલીક ચોક્કસ બિમારીને ટાળવામાં પણ ઉપયોગી સાબિત થઈ શકે છે. મોટા ભાગના લોકોને તબીબો પણ હવે તો સવારમાં વર્કઆઉટ કરવા માટેની સલાહ આપે છે. સાથે સાથે મોટા ભાગના લોકો હવે નવા પ્રયોગ કરવા પણ લાગી ગયા છે. આના ફાયદા પણ દેખાઈ રહ્યા છે. કેટલાક લોકો નિયમિતપણે મોર્નિંગ વોક કરે છે



**ચિંતા : કેન્સરની સંખ્યા દર વર્ષે એક લાખ ૭૫ હજાર થઇ**

**બાળપણમાં કેન્સર થવાને ચાઇલ્ડ કેન્સર તરીકે ઓળખવામાં આવે છે સામાન્ય રીતે પહેલા કેન્સર જેવી બિમારીના લક્ષણ મોટી વયના લોકોમાં જોવા મળતા હતા પરંતુ હવે આ બિમારીના સકંજામાં બાળકો પણ આવી રહ્યા છે**

# બાળકોમાં કેન્સરના કેસો વધ્યા છે

**બાળકોમાં થતા કેન્સર રોગના લક્ષણ પણ વહેલી તકે જાણી શકાતા નથી કારણ કે લક્ષણો અન્ય સામાન્ય બિમારી જેવા જ હોય છે**

ક્યારેક ક્યારેક નોર્મલ સેલ્સની અંદર ડીએનએ મોલીક્યુલ્સમાં અપરિવર્તનીય નુકસાનના કારણે કર્સિનોજન હુમલો કરી દે છે. આ જ કેન્સર જેવી બિમારીનુ ઉત્પાદન કરવામા ચાવીરૂપ ભૂમિકા અદા કરી દે છે. આ તમામ ચીજો પણ હવે બાળકોમાં દેખાવવા લાગી ગઈ છે. બાળપણમાં કેન્સર થવાને ચાઈલ્ડ કેન્સર તરીકે ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે પહેલા કેન્સર જેવી બિમારીના લક્ષણ મોટી વયના લોકોમાં જોવા મળતા હતા. પરંતુ હવે આ બિમારીના સકંજામાં બાળકો પણ આવી રહ્યા છે. કેન્સર શરીરમાં જુદા ભાગોમાં સામાન્ય કોશિકાઓના અનિયંત્રિત વૃદ્ધિના કારણે જન્મ લે છે. સામાન્ય પરિસ્થિતીમાં સેલ્સ અથવા તો કોશિષાકાના એક નિયંત્રિત તંત્ર અથવા તો વ્યવસ્થા તરીકે હોય છે. ક્યારેક ક્યારેક નોર્મલ સેલ્સ અથવા તો કોશિકાની અંદર ડીએનએ મોનીક્યુલ્સમાં અપરિવર્તીય નુકસાનના કારણે કર્સિનોજન હુમલા કરી દે છે. જેના કારણે કેન્સર જેવી ખતરનાક બિમારી ફેલાઈ જાય છે. આ તમામ ચીજો હવે બાળકોમાં પણ દેખાવવા લાગી ગઈ છે. દુનિયાભરમાં એવો અંદાજ મુકવામાં આવ્યો છે કે ચાઈલ્ડહુડ કેન્સરની



દર વર્ષે ઘટના એક લાખ ૭૫ હજાર જેટલી છે. શોધથી એવુ પણ જાણવા મળ્યુ છે કે ચાઈલ્ડહુડ કેન્સરના કારણે મૃત્યુ પામનાર બાળકોનો મૃત્યુ દર આશરે ૨૦ ટકા જેટલો રહ્યો છે. જેમાં હાલના વર્ષોમાં ૦.૬ ટકાનો વધારો થયો છે. બાળકોમાં થનાર કેન્સરના પ્રકાર મોટી વયના લોકોમાં થનાર કેન્સર કરતા અલગ પ્રકારના હોય છે. જેમ કે લ્યુકેમિયા, બ્રેન એન્ડર અદર સેન્ટ્રલ નર્વસ સિસ્ટેમ ટ્યુમર, ન્યુરોબલાસ્ટોમાં, વિલ્મિસ ટ્યુમર, લિન્ફોમા, રેટિનોબસ્ટોપમાં અને બોન કેન્સરનો સમાવેશ થાય છે. અન્ય પ્રકારના કેન્સર બાળકોમાં જોવા મળતા નથી. પરંતુ આનો મતલબ એ બિલકુલ નથી કે અન્ય પ્રકારના કેન્સર બાળકોને થઈ શકે નહી. બોનમેરો અને બ્લડ કેન્સરને લ્યુમકેમિયા કહેવામાં આવે છે. બાળકોમાં જોવા મળતા કેન્સરમાં લ્યુમકેમિયા ૩૦ ટકા સુધી રહે છે. તેના લક્ષણ સર્વસામાન્ય હોય છે. જેમ કે હાડકામાં દુખાવા, થાક, કમજોરી, સ્કીનમાં પીળાશપણનો સમાવેશ થાય છે. કેમિયોથેરાપી આનો એકમાત્ર ઉપચાર છે. બોન કેન્સર હાડકાના કેન્સર તરીકેછે. આ શરીરના કોઈ પણ ભાગથી શરૂ થઈને થઈ શકે છે. આ રોગ ત્યારબાદ હાડકામાં ફેલાઈ જાય છે. આ રોગ હાડકામાં સોજા અને પીડા આપવાની શરૂઆત કરે છે. બ્રેન એન્ડ અદર સેન્ટ્રલ નર્વસ સિસ્ટમ ટ્યમર ચાઈલ્ડ કેન્સરના એક પ્રકાર તરીકે છે. બ્રેઈન ટ્યુમર અનેક પ્રકારના રહે છે. આ તમામના ઉપચાર પણ જુદા જુદા છે. તેમાં માથામાં દુખાવા, ઉલ્ટી થવી અને ચક્કર આવવા જેવી બાબતો હોય છે. ન્યુરોબલાસ્ટોમાં કેન્સર મોટા ભાગે નવજાત શિશુમાં જોવા મળે છે. આ રોગ ૧૦ વર્ષથી ઉપરના બાળકોને ક્યારેય થાય તેવા સંજોગો હોતા નથી. પેટમાં સોજા, હાડકામાં પીડા અને તાવ જેવા તેના લક્ષણ રહે છે. વિલ્મેસ ટ્યુમર મોટા ભાગે ચાર અથવા તો પાંચ વર્ષના બાળકોમાં જોવા મળે છે. પેટમાં ગાંઠો આના કારણે પડી જાય છે. આના કારણે ભુખ લાગતી નથી. તાવની અસર પણ રહે છે. લિમ્ફોમાં કેન્સર બાળકોમાં જોવા મળે છે. તેના લક્ષણની વાત કરવામાં આવે તો વજન ઘટવાની બાબતનો સમાવેશ થાય છે. તાવ પણ આવે છે. વારંવાર પરસેવા થાય છે. થાક પણ લાગે છે. રાબડોમસોસરકોમાં કેન્સર માથા, ગર્દન, કમર અને પેટના ભાગ સહિત શરીરના કોઈ પણ ભાગમાં થઈ શકે છે. રેટિનોબસ્ટોમાં આંખના કેન્સર તરીકે છે. સામાન્યરીતે તે બે વર્ષની વયના બાળકોમાં જોવા મળે છે. લક્ષણ તરીકે આંખમાં લાલ રંગ નજરે પડે છે. આંખો હમેંશા લાલ અથવા તો સફેંદ નજરે પડે છે. કેન્સર નિષ્ણાંત તબીબો કહે છે કે કેન્સરના લક્ષણોને ઓળખી કાઢવાની બાબત સામાન્યરીતે મુશ્કેલ હોય છે. કારણ કે તેના તમામ લક્ષણ અન્ય સામાન્ય બિમારીની જેમ જ હોય છે. આ પ્રકારની પિડા થવાની સ્થિતીમાં બાળકની કાળજી સૌથી મહત્વપૂર્ણ બાબત રહે છે. કેન્સર રોગ કેટલી ઝડપથી વધે છે તે બાબત પણ મહત્વપૂર્ણ બની જાય છે.



# Cyber Octet™

## CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

**BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD**

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com




# પરીક્ષા મોકૂફ, ઓફિસમાં વર્ક ફ્રોમ હોમ, મહારાષ્ટ્રમાં કુલ ૧૨ના મોત

। મુંબઈ, તા.૧૮ ।

મહારાષ્ટ્રમાં મુંબઈ સહિત અનેક જિલ્લાઓમાં છેલ્લા ચાર દિવસથી વરસી રહેલા અનરાધાર વરસાદના કારણે અનેક ગામો સાથેના સંપર્ક તૂટ્યા છે. વિદર્ભમાં અમુક ગામોમાં પૂરની સ્થિતિ સર્જાતાં સંપર્ક તૂટ્યો છે. મુંબઈ, થાણે, પાલઘર, રાયગઢ જિલ્લામાં ભારે વરસાદના કારણે દરિયો જાણે રસ્તા પર આવી ગયો હોય તેવા દૃશ્યો સર્જાયા છે. મહારાષ્ટ્રમાં વરસાદના કારણે ૧૨ લોકોના મોત થયા છે. નાંદેડમાં પૂરના કારણે ૯ લોકોના મોત થયા છે. મુંબઈમાં દીવાલ ધસી પડતાં એક વ્યક્તિનું મોત થયું છે. રાજ્યના અન્ય હિસ્સામાં વધુ બે મોત થયા હોવાનું આપત્તિ નિવારણ મંત્રી ગિરીશ મહાજને જણાવ્યું હતું.મુશળધાર વરસાદના કારણે સેન્ટ્રલ રેલવે ખોરવાઈ છે. લોકલ ટ્રેનો પણ કલાકથી દોઢ કલાક મોડી ચાલી રહી છે. હાર્બર રેલવે લાઈન પર પાણી ભરાતાં ટ્રેનો ૫૦-૫૦ મિનિટ મોડી પડી છે. ચારેકોર પાણી ભરાતાં ટ્રાફિક જામની સમસ્યા પણ વધી છે. લોકો ઘરની બહાર નીકળવા અસક્ષમ બન્યા છે. ભારે વરસાદને ધ્યાનમાં લેતાં મુંબઈ યુનિવર્સિટીએ આજે લેવાનારી પરીક્ષા સ્થગિત કરી છે. આજે સ્થગિત કરાયેલી યુનિવર્સિટીની આ પરીક્ષા હવે ૨૩ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ યોજાશે. શાળા-કૉલેજોમાં આજે પણ રજા આપવામાં આવી છે. બીએમસીએ નીચાણવાળા વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી હાથ ધરી છે.

ચૂંટણી પંચને ૧૮,૦૦૦ સોગંદનામા આપ્યાં પણ તેણે કાર્યવાહી ના કરી : રામગોપાલ

# ચૂંટણી પંચે પછાત વર્ગોના મતદારોના નામ કમી કર્યાનો અખિલેશનો દાવો

**કૉંગ્રેસ અને વિપક્ષી પાર્ટીઓ મત ચોરીના ગંભીર આક્ષેપો સાથે ચૂંટણી પંચ અને ભાજપ પર નિશાન સાધી રહ્યા છે । કૉંગ્રેસે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીને લઈને આકરા પ્રહાર કરતા કહ્યું હતું કે, આ ચૂંટણી નકલી મતદાર યાદીઓના આધારે યોજાઈ હતી**

। નવી દિલ્હી, તા.૧૯ ।

કૉંગ્રેસ અને વિપક્ષી પાર્ટીઓ મત ચોરીના ગંભીર આક્ષેપો સાથે ચૂંટણી પંચ અને ભાજપ પર નિશાન સાધી રહ્યા છે. આ દરમિયાન સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે ચૂંટણી પંચ પર પછાત સમુદાયના મતદારોના નામ કમી કરવાનો અને શાસક ભાજપની તરફેણમાં કામ કરવાનો આક્ષેપ કર્યો હતો.સપા સુપ્રીમોએ મીડિયાને જણાવ્યું હતું કે, ભાજપને ફાયદો પહોંચાડવા માટે મૌર્ય, પાલ, બઘેલ અને રાઠોડ સમુદાયો સહિત અનેક પછાત જૂથોના મતદારોના નામ મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવી રહ્યા છે. સપાએ અગાઉ પણ આ મુદ્દો ઉઠાવ્યો હતો. એવું દર્શાવવામાં આવી રહ્યું છે કે આ મતો ક્યાંક બીજે ક્યાંક જઈ રહ્યા છે. સપા સુપ્રીમોએ દાવો કર્યો હતો કે તેમની પાર્ટીએ એવા મતવિસ્તારો ઓળખી કાઢ્યા છે જ્યાં તેઓ ઓછા




માર્જિનથી હારી ગયા હતા. તેમણે ઉમેર્યું કે, જો આપણને મતદાર યાદી આપણી માંગણી મુજબના ફોર્મેટમાં મળે તો આપણે આવા વધુ કેસ પૂરા પાડી શકીએ છીએ. ૨૦૧૯માં પડેલા મતો ૨૦૨૨ સુધીમાં કાઢી નાખવામાં આવ્યા હતા. મતદાર ઓળખ કાર્ડ બનાવવા માટે પણ યોગ્ય પ્રક્રિયા છે, પરંતુ તેની અવગણના કરવામાં આવી રહી છે.

આ સાથે જ ભૂતપૂર્વ મુખ્યમંત્રીએ દોષિત અધિકારીઓ સામે કડક કાર્યવાહીની માંગ કરી હતી. સમાજવાદી પાર્ટીના રામગોપાલ યાદવે નોંધ્યું કે ચૂંટણી પંચે વારંવાર કહ્યું છે કે વિપક્ષી પાર્ટીઓ દ્વારા કરવામાં આવી રહેલા આક્ષેપો સોગંદનામા દ્વારા રજૂ કરવા જોઈએ. ૨૦૨૨ની ઉત્તર પ્રદેશની ચૂંટણીમાં અખિલેશ યાદવે કહ્યું કે સમાજવાદી પાર્ટીના સમર્થકોના મોટી સંખ્યામાં મત કાઢી નાખવામાં આવ્યા છે, ત્યારે ચૂંટણી પંચે તેમને આ અંગે સ્પષ્ટતા કરવા માટે નોટિસ જારી કરી હતી. તેના જવાબમાં ચૂંટણી પંચને ૧૮,૦૦૦ સોગંદનામા સબમિટ કરવામાં આવ્યા હતા, જે બધા યોગ્ય રસીદો સાથે હતા. તમને જાણીને આશ્ચર્ય થશે કે આજ સુધી તે સોગંદનામા પર એક પણ કાર્યવાહી કરવામાં આવી નથી,'' તેવો દાવો યાદવે કર્યો હતો.કૉંગ્રેસે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીને લઈને આકરા પ્રહાર કરતા કહ્યું હતું કે, આ ચૂંટણી નકલી મતદાર યાદીઓના આધારે યોજાઈ હતી, તેથી તેને નકલી અને ગેરકાયદેસર જાહેર કરવી જોઈએ. પાર્ટીએ એમ પણ કહ્યું હતું કે જો ચૂંટણી પંચે વિપક્ષી નેતા રાહુલ ગાંધીને તેમના નિવેદન પર તાત્કાલિક નોટિસ મોકલી હતી, તો પછી ભાજપના નેતા અનુરાગ ઠાકુરને હજુ સુધી નોટિસ કેમ મોકલવામાં આવી નથી?

## ચીન ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો સુધારવા માંગે છે : વિદેશ મંત્રાલય

। નવીદિલ્હી, તા.૧૯ ।

ચીનના વિદેશ મંત્રી વાંગ યી ભારતની મુલાકાતે છે, તેમણે ભારતીય વિદેશ મંત્રી જયશંકર અને એનએસએ અજિત ડોભાલને મળ્યા છે. આ મુલાકાત ભારત અને ચીન તેમજ પડોશી દેશો બાંગ્લાદેશ અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. ચીને કહ્યું છે કે ભારત અને પાકિસ્તાન તેના માટે ખૂબ જ મહત્વપૂર્ણ પડોશી છે અને તે બંને દેશો સાથે મૈત્રીપૂર્ણ અને સહયોગી સંબંધો ઈચ્છે છે.જ્યારે ભારત અને ચીન એકબીજાની નજીક આવી રહ્યા છે, ત્યારે ચીન ઈચ્છે છે કે ભારત પાકિસ્તાન સાથે પણ તેના સંબંધો સુધારે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે મંગળવારે ચીનમાં કહ્યું હતું કે ભારત અને પાકિસ્તાન વચ્ચે ગમે તેટલા મુદ્દા હોય, બંને દેશોએ પરસ્પર વાતચીત દ્વારા તેનો ઉકેલ લાવવો જોઈએ. તેમણે આશા વ્યક્ત કરી હતી કે બંને દેશો યોગ્ય ઉકેલ પર પહોંચશે. માઓ નિંગે એમ પણ કહ્યું હતું કે જો ભારત અને પાકિસ્તાન તૈયાર હોય, તો ચીન આ પ્રક્રિયામાં સકારાત્મક ભૂમિકા ભજવવા તૈયાર છે. આ નિવેદનથી સંકેત મળ્યો હતો કે જો આવનારા દિવસોમાં બધું બરાબર થશે, તો ચીન ભારત અને પાકિસ્તાનના મુદ્દાઓને ઉકેલવામાં મદદ કરશે અને બંને દેશો ટૂંક સમયમાં દ્વિપક્ષીય સંબંધોમાં સુધારો કરશે.

સુપ્રીમે બિલો મુદ્દે રાષ્ટ્રપતિ માટે સમય મર્યાદા નક્કી કરતા કેન્દ્રનો જવાબ

# રાષ્ટ્રપતિએ બિલોને ક્યારે મંજૂરી આપવી તે સુપ્રીમ કોર્ટ નક્કી ના કરી શકે : કેન્દ્ર

**રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રીમ કોર્ટમાં કેટલાક કાયદાકીય સવાલો ઉઠાવાયા હતા, આ વિવાદ અંગે જવાબ આપતા કેન્દ્ર સરકારે કહ્યું હતું કે રાષ્ટ્રપતિએ બિલો અંગે ક્યારે નિર્ણય લેવો ક્યારે નહીં તે નક્કી કરવાનું કામ ન્યાયપાલિકાનું નથી**

। નવી દિલ્હી, તા.૧૯ ।

સુપ્રીમ કોર્ટ દ્વારા રાષ્ટ્રપતિ માટે બિલોને મંજૂરી અંગે સમય મર્યાદા નક્કી કરવામાં આવી હતી, જેનો વિરોધ કરતા કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં એવો જવાબ આપ્યો હતો કે ન્યાયપાલિકા અને સંસદ બન્નેની સત્તા અલગ છે, રાષ્ટ્રપતિએ બિલોને ક્યારે મંજૂરી આપવી તે સુપ્રીમ કોર્ટ નક્કી ના કરી શકે. તમિલનાડુના રાજ્યપાલે વિધાનસભા દ્વારા પસાર કરેલા બિલોને લટકાવી રાખતા રાજ્ય સરકાર દ્વારા સુપ્રીમ કોર્ટમાં અપીલ કરાઈ હતી, સુપ્રીમ કોર્ટે બાદમાં રાજ્યપાલની સાથે રાષ્ટ્રપતિ માટે પણ બિલો અંગે નિર્ણય લેવા માટે સમય મર્યાદા નક્કી કરી હતી. રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રીમ કોર્ટમાં કેટલાક કાયદાકીય સવાલો ઉઠાવાયા હતા, આ વિવાદ અંગે જવાબ આપતા કેન્દ્ર સરકારે કહ્યું હતું કે રાષ્ટ્રપતિએ બિલો



અંગે ક્યારે નિર્ણય લેવો ક્યારે નહીં તે નક્કી કરવાનું કામ ન્યાયપાલિકાનું નથી. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ બી. આર. ગવઈની અધ્યક્ષતામાં પાંચ ન્યાયાધીશોની બેંચ સમક્ષ મામલાની સુનાવણી ચાલી રહી છે. કેન્દ્ર સરકાર તરફથી હાજર સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું હતું કે બંધારણના આર્ટિકલ ૨૦૦ અને ૨૦૧માં રાજ્યપાલ કે રાષ્ટ્રપતિ માટે બિલોને મંજૂરી આપવા માટે કોઈ જ સમય મર્યાદા નક્કી કરવામાં નથી આવી. આર્ટિકલ ૧૪૩માં પણ સ્પષ્ટ ઉલ્લેખ છે કે રાષ્ટ્રપતિ પોતાની રીતે નિર્ણય લેવા માટે સ્વતંત્ર છે, તેમને બિલોને મંજૂરી આપવા માટે સુપ્રીમ કોર્ટ કહી ના શકે. સુપ્રીમ કોર્ટ દ્વારા રાષ્ટ્રપતિ માટે બિલોને મંજૂરી અંગે સમય મર્યાદા નક્કી કરવામાં આવી હતી, જેનો વિરોધ કરતા કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં એવો જવાબ આપ્યો હતો કે ન્યાયપાલિકા અને સંસદ બન્નેની સત્તા અલગ છે, રાષ્ટ્રપતિએ બિલોને ક્યારે મંજૂરી આપવી તે સુપ્રીમ કોર્ટ નક્કી ના કરી શકે. તમિલનાડુના રાજ્યપાલે વિધાનસભા દ્વારા પસાર કરેલા બિલોને લટકાવી રાખતા રાજ્ય સરકાર દ્વારા સુપ્રીમ કોર્ટમાં અપીલ કરાઈ હતી, સુપ્રીમ કોર્ટે બાદમાં રાજ્યપાલની સાથે રાષ્ટ્રપતિ માટે પણ બિલો અંગે નિર્ણય લેવા માટે સમય મર્યાદા નક્કી કરી હતી. રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રીમ કોર્ટમાં કેટલાક કાયદાકીય સવાલો ઉઠાવાયા હતા, આ વિવાદ અંગે જવાબ આપતા કેન્દ્ર સરકારે કહ્યું હતું કે રાષ્ટ્રપતિએ બિલો અંગે ક્યારે નિર્ણય લેવો ક્યારે નહીં તે નક્કી કરવાનું કામ ન્યાયપાલિકાનું નથી.

પ.બંગાળના સીએમની પ્રવાસી મજૂરોના પુનર્વસન માટે જાહેરાત

## પ્રવાસી બંગાળી મજૂરોને રોજગાર ન મળે ત્યાં સુધી રૂ.૫૦૦૦ અપાશે : મમતા

। નવી દિલ્હી, તા.૧૯ ।

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ પ્રવાસી મજૂરો માટે મોટી જાહેરાત કરી છે. મુખ્યમંત્રીએ પ્રવાસી મજૂરો માટે પુનર્વસન માટે યોજના શરુ કરવાના નિર્ણયની જાહેરાત કરતી વખતે કહ્યું કે, નવી યોજના અંતર્ગત પ્રવાસી મજૂરો માટે એક વર્ષ સુધી અથવા જ્યાં સુધી તેમને રોજગાર મળે નહીં, ત્યાં સુધી પ્રતિ મહિને પાંચ હજાર રૂપિયા આપવામાં આવશે.ઉલ્લેખનીય છે કે કેટલાક રાજ્યોમાં બંગાળી ભાષી પ્રવાસીઓને ટાર્ગેટ કરવાના મામલાને લઈને મમતા બેનરજી કેન્દ્ર સરકાર સામે અવાજ ઉઠાવતા રહ્યા છે. મમતા બેનરજીએ આક્ષેપ લગાવ્યો કે, ખાસ કરીને ભાજપ શાસિત રાજ્યોમાં બંગાળી ભાષી પ્રવાસી મજૂરો પર હુમલાઓ પ્રિ-પ્લાન્ડ છે.ભાજપ શાસિત રાજ્યોમાં લગભગ ૨૨ લાખ પ્રવાસી મજૂરો અને તેમના પરિવારજનો પરેશાન છે. બંગાળની કેબિનેટે પ્રવાસી મજૂરો-કારીગરોને પરત ફરવા અને પોતાનું જીવન નવેસરથી શરુ કરવા ઈચ્છુક મજૂરોના પુનર્વસનમાં મદદ કરવા આ યોજનાને મંજૂરી આપી છે. આ પહેલા મમતાએ દાવો કર્યો હતો કે બંગાળી બોલનાર ભારતીયોને બાંગ્લાદેશી કહીને બળજબરીથી બહાર મોકલવામાં આવી રહ્યા છે. બંગાળના મજૂરોને અન્ય જગ્યાઓ પર તેમની ભાષાના કારણે પરેશાન કરવામાં આવી રહ્યા છે. બેનરજીએ દાવો કર્યો કે આ પ્રકારની ઘટનાઓનો એ જ્યારે વિરોધ કરે છે, તો કેટલાક લોકો તેમના પર એનએસએ લગાવવાની માંગ કરે છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ પ્રવાસી મજૂરો માટે મોટી જાહેરાત કરી છે. મુખ્યમંત્રીએ પ્રવાસી મજૂરો માટે પુનર્વસન માટે યોજના શરુ કરવાના નિર્ણયની જાહેરાત કરતી વખતે કહ્યું કે, નવી યોજના અંતર્ગત પ્રવાસી મજૂરો માટે એક વર્ષ સુધી અથવા જ્યાં સુધી તેમને રોજગાર મળે નહીં, ત્યાં સુધી પ્રતિ મહિને પાંચ હજાર રૂપિયા આપવામાં આવશે.ઉલ્લેખનીય છે કે કેટલાક રાજ્યોમાં બંગાળી ભાષી પ્રવાસીઓને ટાર્ગેટ કરવાના મામલાને લઈને મમતા બેનરજી કેન્દ્ર સરકાર સામે અવાજ ઉઠાવતા રહ્યા છે.

### ન્યૂઝ બ્રિફ



## દિલ્હીમાં મત ચોરીની ફરિયાદની તપાસ નહીં : આપ સાંસદ સંજય સિંહ

। નવીદિલ્હી, તા.૧૯ ।

આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા અને સાંસદ સંજય સિંહે ચૂંટણી પંચ પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે જે રાજ્યોમાં મત ચોરીની ફરિયાદો આવી છે તેમની તપાસ કરીને કાર્યવાહી કરવી જોઈએ. તેમણે કહ્યું કે આમ આદમી પાર્ટીએ દિલ્હીમાં મતદાન ચોરીની ફરિયાદ કરી હતી, આ પછી પણ ચૂંટણી પંચે કોઈ કાર્યવાહી કરી નથી. નવી દિલ્હી વિધાનસભામાં ૪૨ હજાર મત કાપવામાં આવ્યા હતા અને ભાજપના કેન્દ્રીય મંત્રીઓ અને સાંસદોના સરનામાં પર ડઝનબંધ મત બનાવવામાં આવ્યા હતા.સંજય સિંહે કહ્યું કે ચૂંટણી પંચનું નિવેદન કે કોઈ રાજકીય પક્ષે મત સાથે ચેડાંની ફરિયાદ કરી નથી તે સંપૂર્ણપણે ખોટું છે. જો ચૂંટણી પંચ નિષ્પક્ષ હોય, તો તેણે મત સાથે ચેડાંની ફરિયાદોની તપાસ કરવી જોઈએ. નહિંતર, હંમેશા એવા આરોપો લાગશે કે મત ચોરી થયા છે.સંજય સિંહે કહ્યું કે રવિવારે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને સાંભળ્યા પછી, એવું લાગતું હતું કે તેમનું નામ ખરેખર અજ્ઞાની વાતો હોવી જોઈએ. તેમણે આવી અજ્ઞાની વાતો કહી. તેમણે એવી અતાર્કિક, તથ્યહીન વાતો કહી જે સાંભળીને આપણે આશ્ચર્યચકિત થઈએ છીએ. તેમણે તેમને પૂછવામાં આવેલા કોઈપણ પ્રશ્નોનો જવાબ આપ્યો નહીં. એક મહિનામાં, ૨૫ જૂનથી ૨૫ જુલાઈ સુધી, ચૂંટણી પંચે બિહારમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન હેઠળ ૬૫ લાખ મતો કાઢી નાખ્યા. એક પણ મત ઉમેરવામાં આવ્યો નહીં.તેઓ કહે છે કે તેઓ એસઆઈઆર કરી રહ્યા છે.

## આમિર ખાનની ફિલ્મ '૩ ઈડિયટ્સ'માં ફેમ એક્ટરનું ૯૧ વર્ષની વયે નિધન

। નવી દિલ્હી, તા.૧૯ ।

બોલિવૂડમાંથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. આમિર ખાનની ફિલ્મ '૩ ઈડિયટ્સ'માં પ્રોફેસરનો રોલ કરનાર દિગ્ગજ અભિનેતા અચ્યુત પોતદાર હવે આ દુનિયામાં નથી રહ્યા. ૯૧ વર્ષની વયે અચ્યુત પોતદારનું નિધન થયું છે. સ્વાસ્થ્ય સમસ્યાઓનાં કારણે અચ્યુત પોતદાર ગઈકાલે રાત્રે અચાનક બેભાન થઈ જતાં થાણેની જ્યુપિટર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તબિયત સતત બગડવાને કારણે તેમને બચાવી શકાયા નહીં. પોતદારના દીકરી અનુરાધા પારસ્કરે જણાવ્યું કે મંગળવારે સાંજે ૪ વાગ્યે તેમના પાર્થિવ દેહના અંતિમ સંસ્કાર કરવામાં આવશે.અચ્યુત પોતદારનો જન્મ ૨૨ ઓગસ્ટ, ૧૯૩૪ના રોજ મધ્ય પ્રદેશના જબલપુરમાં થયો હતો. તેઓ એક મરાઠી બ્રાહ્મણ પરિવારના હતા. તેમનું બાળપણ મધ્ય પ્રદેશના ઈન્દોરમાં વીત્યું હતું. વર્ષ ૧૯૬૧માં તેમણે અર્થશાસ્ત્રમાં સ્નાતકની ડિગ્રી મેળવી હતી. ત્યારબાદ તેમણે ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ કર્યું છે. આ લાંબી કારકિર્દીમાં, તેમણે ૧૨૫થી વધુ બોલિવૂડ ફિલ્મોમાં કામ કર્યું છે. ફિલ્મો ઉપરાંત, તેમણે ૯૫ ટેલિવિઝન સીરિયલ, ૨૬ નાટકો અને ૪૫ જાહેરાતોમાં પણ કામ કર્યું છે.

## રોલની તૈયારી માટે સ્લમમાં રહી હોવાનો દિવ્યા ખોસલાનો દાવો

। મુંબઈ, તા.૧૯ ।

એક્ટ્રેસ દિવ્યા ખોસલાએ દાવો કર્યો છે કે 'એક ચતુર નાર' ફિલ્મના તેના રોલની તૈયારી માટે તે થોડા સમય માટે એક સ્લમમાં રહી હતી. દિવ્યાના જણાવ્યા અનુસાર કેટલાંક નિરીક્ષણો તથા બોલચાલની લઢણ વગેરેના અભ્યાસ માટે પોતે લખનૌની એક સ્લમમાં રહી હતી. આ દરમિયાન તેણે સ્લમના લોકો કેવી હાલાકીઓ વચ્ચે પોતાનું જીવન ગુજારે છે તેનો જાતે અનુભવ કર્યો હતો. દિવ્યાએ ફિલ્મનો પોતાનો ડિ ગ્લેમરાઈઝ્ડ લૂક પણ પ્રગટ કર્યો છે. 'ઓહ માય ગોડ' તથા '૧૦૨ નોટ આઉટ ' જેવી ફિલ્મો બનાવી ચૂકેલા ઉમેશ શુક્લાએ આ ફિલ્મ બનાવી છે.

## વિપક્ષની 'વોટર અધિકાર યાત્રા'માં દુર્ઘટના । રાહુલ ગાંધીની જીપે પોલીસકર્મીને ટક્કર મારી

। નવીદિલ્હી, તા.૧૯ ।

લોકસભામાં વિપક્ષ નેતા અને કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીની વોટર અધિકાર યાત્રા દરમિયાન એક દુર્ઘટના ઘટી છે. ઔરંગાબાદ જઈ રહેલી આ રેલીમાં રાહુલ ગાંધીની ગાડીએ એક પોલીસકર્મીને ટક્કર મારી હતી. જેને સામાન્ય ઈજા થઈ હતી. વોટર અધિકાર યાત્રામાં આરજેડી નેતા તેજસ્વી યાદવ પણ જોડાયા છે. કૉંગ્રેસ અને લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધી અને તેજસ્વી યાદવ આજે આ રેલીમાં ઔરંગાબાદ જઈ રહ્યા હતાં. જ્યાં રાહુલ ગાંધી એક જનસભાને સંબોધિત કરવાના હતાં. આ યાત્રા દરમિયાન રાહુલ ગાંધી ચૂંટમી પંચ અને ભાજપ પર વોટ ચોરીના ગંભીર આરોપો મૂકી રહ્યા હતા. યાત્રા દરમિયાન નવાદામાં રાહુલ ગાંધી અને તેજસ્વી યાદવને લઈ જઈ રહેલા વાહને સુરક્ષામાં તૈનાતમાં પોલીસકર્મીને ટક્કર મારી હતી. પોલીસકર્મી નીચે પડી ગયો હતો. જેને અન્ય સુરક્ષા અધિકારીઓએ ઉભો કર્યો હતો. બાદમાં રાહુલ ગાંધીએ તેના ખબર અંતર પણ પૂછ્યા હતાં. રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ પર ભાજપ સાથે મિલીભગત હેઠળ વોટ ચોરીનો આરોપ મૂક્યો છે. આ આરોપો સાથે તેમણે વોટર અધિકાર યાત્રા શરૂ કરી છે. ઝારખંડ પ્રદેશ કૉંગ્રેસના નેતાઓ ડઝન ગાડીઓના કાફલા સાથે આ યાત્રામાં જોડાયા છે. તેઓ આજે બિહાર પહોંચ્યા હતાં. પ્રદેશ કૉંગ્રેસ અધ્યક્ષ કેશવ મહતો કમલેશ, પૂર્વ અધ્યક્ષ રાજેશ ઠાકુર, મંત્રી દિપિકા પાન્ડે સિંહ ઉપરાંત કૉંગ્રેસ ધારાસભ્યો, કાર્યકારી અધ્યક્ષ સહિત પક્ષના અનેક કાર્યકરો નવાદા પહોંચ્યા હતાં.

## આગામી વખતે, અમે રાહુલ ગાંધીને વડા પ્રધાન બનાવીશું : તેજસ્વી યાદવ

। પટણા, તા.૧૯ ।

કૉંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીના નેતૃત્વમાં બિહારમાં મતદાર અધિકાર યાત્રા વેગ પકડી રહી છે. મંગળવારે, યાત્રા આજે ત્રીજા દિવસે નવાદા પહોંચી. આ દરમિયાન, આરજેડી નેતા તેજસ્વી યાદવે એક મોટું નિવેદન આપતા કહ્યું કે આગામી લોકસભા ચૂંટણીમાં, અમે મહાગઠબંધનની મજબૂત સરકાર બનાવીશું અને રાહુલ ગાંધીને દેશના આગામી વડા પ્રધાન બનાવીશું.તેજસ્વી યાદવે ચૂંટણી પંચ પર આકરા પ્રહારો કર્યા અને કહ્યું કે ભાજપના લોકો ચૂંટણી પંચ સાથે મળીને ગરીબોના મત છીનવી લેવાનો પ્રયાસ કરી રહ્યા છે. લોકસભાના જે જીવિત સભ્યોને હવે મૃત જાહેર કરવામાં આવ્યા છે, આ બધું એક ષડયંત્રનો ભાગ લાગે છે. તેઓ વિચારે છે કે તેઓ બિહારને સરળતાથી સફેદ કરી દેશે, પરંતુ મોદીજીને ખબર નથી કે અમે બિહારી છીએ. આપણું બિહાર બધા કરતા સારું છે.તેજશ્વી યાદવે વધુમાં કહ્યું કે અમે તમાકુમાં ચૂનો ભેળવીએ છીએ અને ઘસીએ છીએ. ભલે કોઈ પણ જાતિ, વર્ગ કે ધર્મનો હોય, અમે એક નવું બિહાર બનાવીશું. તેજસ્વી બધાને સાથે લઈને આગળ વધશે. મોદીજીએ બિહારના લોકો સાથે દગો કર્યો છે.

પીઓસીએસઓનો કાયદો 'જેન્ડર ન્યૂટ્રલ' | ૫૨ વર્ષની મહિલા આર્ટિસ્ટ પર ૧૩ વર્ષના બાળકના જાતીય શોષણના આક્ષેપનો મામલો

# મહિલાને પણ આરોપી બનાવી શકાય : કર્ણાટક હાઇકોર્ટ

। બેંગલુરુ, તા.૧૯ ।


પીઓસીએસઓના કાયદાની જોગવાઈઓનું અર્થઘટન કરતો એક મહત્ત્વપૂર્ણ ચુકાદો કર્ણાટક હાઈકોર્ટે આપ્યો છે. જેમાં ઠરાવ્યું છે કે,પીઓસીએસઓ એક 'જેન્ડર ન્યૂટ્રલ' કાયદો છે અને એનો હેતુ બાળકોને જાતીય શોષણના ગુનાથી બચાવવાનો છે. તેવા સંજોગોમાં આ કાયદો મહિલા અને પુરુષ આરોપી વચ્ચે ભેદ કર્યા વિના સમાન રૂપે અમલમાં મુકાવો જોઈએ.પીઓસીએસઓના ગુના હેઠળ મહિલાને પણ જાતીય શોષણ માટે આરોપી બનાવી શકાય છે. કર્ણાટક હાઈકોર્ટના જસ્ટિસ એમ. નાગપ્રસન્નાએ એક ૫૨ વર્ષીય મહિલા આર્ટિસ્ટની ક્વોશિંગ પિટિશન રદ કરતાં ઉક્ત સ્પષ્ટતા કરતો ચુકાદો




આપ્યો છે. ૫૨ વર્ષની મહિલા આર્ટિસ્ટ પર ૧૩ વર્ષના બાળકના જાતીય શોષણના આક્ષેપનો આ મામલો છે. જેમાં બાળકના માતા-પિતાએ મહિલા વિરૂદ્ધ આક્ષેપો કર્યા હતા કે વર્ષ ૨૦૨૦માં તેણે તેમના બાળકનું જાતીય શોષણ કર્યું હતું.

આ કુટુંબ પાછળથી વિદેશ જતું રહ્યું હતું અને બાળકમાં સાયકોલોજિકલ ફેરફારો જોવા મળ્યા હતા. તેને પૂછવામાં આવ્યું ત્યારે તેણે ઘટસ્ફોટ કરતાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૦માં ફેબ્રુઆરીથી જૂન દરમિયાન તેનું વારંવાર જાતીય શોષણ થયું હતું. વર્ષ ૨૦૨૪માં કુટુંબ જ્યારે ભારત પરત ફર્યું ત્યારે તેમણે આરોપી મહિલા વિરૂદ્ધ પીઓસીએસઓ ના કાયદા હેઠલ એફઆરઆઈ દાખલ કરી હતી. જે ગુનાની તપાસ થઇ હતી અને ચાર્જશિટ દાખલ કરવામાં આવી હતી. આ કેસમાં ટ્રાયલ કોર્ટે મહિલા વિરૂદ્ધ સમન્સ પાઠવ્યા હતા. તેથી તેણે હાઈકોર્ટમાં અરજી કરીને તેની વિરૂદ્ધ હાથ ધરવામાં આવેલી ફોજદારી કાર્યવાહીને રદ કરવાની દાદ માંગી હતી. જેમાં મહિલા તરફથી કાયદાની કલમ ચાર અને છમાં (હી) એટલે કે પુરુષ ગુનેગારનો જ ઉલ્લેખ હોવાનો દાવો કર્યો હતો. સાથે જ એક મહિલા બાળક સાથે બળાત્કાર ન કરી શકે એવી દલીલ કરી હતી. જોકે હાઈકોર્ટે મહિલાની અરજી રદ કરતાં ચુકાદામાં ઠરાવ્યું છે કે પીઓસીએસઓ નો કાયદો પ્રગતિશીલ છે અને બાળપણની પવિત્રતાનું રક્ષણ કરવાનો તેનો હેતુ છે. તેના મૂળ લિંગ તટસ્થતા(જેન્ડર ન્યૂટ્રાલિટી)માં છે અને તેનો ઉદ્દેશ્ય જેન્ડરનો ભેદ કર્યા વિના દરેક બાળકોનું રક્ષણ કરવાનો છે. આમ, કાયદો જેન્ડર ન્યૂટ્રલ છે.

# પાકિસ્તાનમાં અનરાધાર વર્ષા : પૂરનો પ્રકોપ ગામના ગામ તણાઈ ગયા : ૧૦૦૦થી વધુનાં મોત







પેશાવર/ઈસ્લામાબાદ : પાકિસ્તાનમાં આજકાલ પૂરનો પ્રકોપ ફેલાઈ રહ્યો છે. આ વર્ષે પાકિસ્તાનના ઉત્તર-પશ્ચિમના પ્રાંત ખૈબર-પખ્તુનવામાં આવેલા પૂરને લીધે આશરે ૧૦૦૦ના મોત થયા છે, ૯૦૦થી વધુ ઘાયલ થયા છે. પાકિસ્તાનના વડાપ્રધાનના કો-ઓર્ડીનેટર ઈખ્તિયાર વલી ખાને પૂરગ્રસ્ત પ્રદેશોની પરિસ્થિતિ હેલિકોપ્ટર દ્વારા જોઈ હતી. તેઓએ જણાવ્યું હતું કે આ પૂરોને લીધે કેટલેક ઠેકાણે તો ગામનાં ગામ તણાઈ ગયા છે. તેઓ નકશા ઉપરથી ગૂમ થઈ ગયા છે. ચકરજી અને બશોની નામનાં ગામોનું તો નામો-નિશાન નથી રહ્યું. કુટુમ્બોનાં કુટુમ્બો એક ઝાટકે સાફ થઈ ગયા છે. એક હજારથી વધુનાં મોત થયા છે. સેંકડો હજી લાપત્તા છે. મલબા નીચે પણ હજી ઘણા દટાયેલા હોવા સંભવ છે.ઈખ્તિયાર વલી ખાને પૂરગ્રસ્ત વિસ્તારો હેલિકોપ્ટર દ્વારા ઉપરથી જોયા પછી ઈસ્લામાબાદ પરત ફર્યા પછી પત્રકાર પરિષદને સંબોધન કરતાં જણાવ્યું હતું કે પૂર એટલા પ્રચંડ હતાં કે પાણીના ધોધમાર પ્રવાહ સાથે મોટી મોટી શિલાઓ પણ ખેંચાઈ આવી હતી. તેમજ નદી કિનારે રહેલાં કેટલાક ગામો પણ નકશા ઉપરથી વિલાઈ ગયા છે.ચકરજી અને બશોની ગામો તો તણાઈ જ ગયા છે. તે ઉપરાંત બુનેરમાં એક પોલીસ થાણું પણ પૂરમાં ખેંચાઈ ગયું છે. તેવામાં પાકિસ્તાનનાં હવામાન ખાતાએ ચેતવણી આપી છે કે હજી પણ ભારે વરસાદનો ખતરો નથી ટળ્યો પરિણામે પૂરનો પણ ખતરો તોળાઈ રહ્યો છે.

## ટેનિસ ક્વીન વિનસ વિલિયમ્સ નવી 'બાર્બી ડોલ' બનશે



। મુંબઈ, તા.૧૯ ।

દિગ્ગજ ટેનિસ પ્લેયર વિનસ વિલિયમ્સની કોર્ટ પર અને બહાર સિદ્ધિઓને સેલિબ્રેટ કરવા માટે બાર્બીએ એક નવી ઢીંગલી લોન્ચ કરી છે. ઈ૩૮ ની કિંમતની વિલિયમ્સ બાર્બી ૧૫ ઓગસ્ટ, ૨૦૨૫ (શુક્રવાર) થી મેટલ શોપ પર ઉપલબ્ધ થઈ છે. મેટલની 'ઈન્સ્પાયરિંગ વુમન' શ્રેણીનો એક ભાગ, આ બાર્બી ડોલ ૨૦૦૭ ની વિમ્બલ્ડન ટેનિસ ટુર્નામેન્ટની જીતથી વિલિયમ્સના આઈકોનિક લૂકને ફરીથી બનાવે છે. આ ચેમ્પિયનશિપ તેના સાત ગ્રાન્ડ સ્લેમ ટાઈટલમાંથી પાંચમી હતી અને તે ટુર્નામેન્ટ હતી જ્યાં તે ટોચના સ્તરની સ્પર્ધામાં સમાન ઈનામ રકમ જીતનારી પ્રથમ મહિલા બની હતી. અત્યાર સુધીમાં બાર્બી દ્વારા અનેક જાણીતી હસ્તીઓની બાર્બી ડોલ બનાવીને માર્કેટમાં મૂકાઈ છે. કંપનીની સારી બિઝનેસ સૂઝનો આન તકાજો છે.વિનસે ૨૦૦૭ માં વિમ્બલ્ડન ચેમ્પિયન બની ત્યારે જે પોશાક પહેર્યો હતો એ જ પોશાકની નવી બાર્બી ડોલ છે. ૨૦૦૭માં પહેલીવાર મહિલાઓને ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટમાં પુરુષો જેટલી ઈનામી રકમ મળી હતી. આ બાર્બી ડોલની છૂટક કિંમત ઈ૩૮ હોવાનું કહેવાય છે, જેમાં વિનસ સફેદ રંગના પોશાકમાં હશે. તેના ગળામાં લીલા રત્નો હાર, રેકેટ સાથે કાંડા પર બેન્ડ અને હાથમાં ટેનિસ બોલ હશે.

### ઝેલેન્સ્કીને યુદ્ધ બંધ કરવું હોય તો કરે, નાટોમાં પ્રવેશ નહીં મળે : ડોનાલ્ડ ટ્રમ્પ

# ડોનાલ્ડ ટ્રમ્પ અને ઝેલેન્સ્કી રશિયા સાથે યુદ્ધવિરામ માટે ત્રિપક્ષીય મંત્રણા કરશે

**અમેરિકા સહિતના દેશોના જોરે રશિયા સામે છેલ્લાં આશરે સાડા ત્રણ વર્ષથી રશિયા સામે લડી રહેલું યુક્રેન અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના એક નિવેદનને પગલે કફોડી સ્થિતિમાં મુકાયું છે**

। વોશિંગ્ટન, તા.૧૯ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે યુક્રેનના પ્રેસિડેન્ટ વ્લોદિમિર ઝેલેન્સ્કી સાથે વ્હાઈટ હાઉસ ખાતે મહત્વની બેઠક યોજી હતી. આ બેઠકમાં રશિયા સાથે યુદ્ધવિરામ માટે ટ્રમ્પે આશાવાદ વ્યક્ત કર્યો છે. ટ્રમ્પ અને ઝેલેન્સ્કી તથા યુરોપના અન્ય નેતાઓની હાજરીમાં મળેલી બેઠક સફળ રહેતા હવે યુએસ, રશિયા અને યુક્રેન ટૂંક સમયમાં ત્રિપક્ષીય મંત્રણા યોજી શકે છે. અગાઉ શુક્રવારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયાના સમકક્ષ વ્લાદિમિર પુતિન વચ્ચે અલાસ્કામાં બેઠક યોજાઈ હતી.ટ્રમ્પે ત્યારબાદ તાત્કાલિક સોમવારે ઝેલેન્સ્કી તથા યુરોપના નેતાઓને ચર્ચા માટે બોલાવ્યા હતા. ટ્રમ્પ સાથેની બેઠક બાદ ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે, યુદ્ધને સમાપ્ત કરવા માટે ત્રિપક્ષીય ચર્ચાનો સંકેત સકારાત્મક છે. અમે આના માટા તૈયાર છીએ. ટ્રમ્પે પહેલા ઝેલેન્કસી સાથે એકલા વાતચીત કરી અને બાદમાં બંને નેતાઓ યુરોપીયન કમિશનના અધ્યક્ષ ઉરુસલા વોન ડેર લેયેન, ળાન્સના ઈમેન્યુઅલ મેક્રોન, બ્રિટનના પીએમ કેઈર સ્ટાર્મર, જર્મનીના ચાન્સેલર ફેડરિચ મર્ઝ, ઈટાલીના જ્યોર્જિયા મેલોની, ફિનલેન્ડના રાષ્ટ્રપતિ એલેક્ઝાન્ડર સ્ટબ અને નાટોના મહાસચિવ માર્ક રૂટે સાથે બેઠક યોજી હતી.



સૂત્રોના મતે રશિયાએ ટ્રમ્પ સાથેની તાજેતરની બેઠકમાં યુક્રેનની મોટાભાગની જમીનની માગણી કરી હતી. ટ્રમ્પ સાથેની હાઈ પ્રોફાઈલ મીટિંગમાં ઝેલેન્સ્કીએ ફુલ સૂટ અને ટાઈ પહેરવાને બદલે કાળા જેકેટમાં પહેરવાનું મુનાસિબ માન્યું હતું.અમેરિકા સહિતના દેશોના જોરે રશિયા સામે છેલ્લાં આશરે સાડા ત્રણ વર્ષથી રશિયા સામે લડી રહેલું યુક્રેન અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના એક નિવેદનને પગલે કફોડી સ્થિતિમાં મુકાયું છે. રશિયા સામેના યુદ્ધમાં યુક્રેનને હથિયારો સહિતની મદદ પૂરી પાડનાર અમેરિકાએ હવે યુક્રેનના નાટોમાં સમાવેશની શક્યતાને નકારી કાઢી છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે, યુક્રેનના રાષ્ટ્રપતિ ઈચ્છે તો તેઓ આ યુદ્ધનો અંત લાવી શકે છે, પરંતુ શાંતિ કરાર અંતર્ગત યુક્રેનને નાટોમાં પ્રવેશ નહીં મળે. એટલું જ નહીં ટ્રમ્પે એમ પણ જણાવ્યું હતું કે, રશિયાએ ૨૦૧૪માં ગેરકાયદે રીતે પચાવી પાડેલો ક્રિમીયાનો પ્રદેશ પણ યુક્રેનને પરત નહીં મળે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે યુક્રેનના પ્રેસિડેન્ટ વ્લોદિમિર ઝેલેન્સ્કી સાથે વ્હાઈટ હાઉસ ખાતે મહત્વની બેઠક યોજી હતી.

**સૈકાઓ સુધી બીજાનું લૂંટીને જીવતા અફઘાનોની કરૂણ હાલત**

## વિદેશી સહાયમાં કાપ મૂકતાં । અફઘાનિસ્તાનમાં આરોગ્ય સેવા તદ્દન પડી ભાંગવાની અણીએ

**દેશની ૨ કરોડ ૩૦ લાખની વસ્તીમાં અર્ધોઅર્ધ, આરોગ્ય સેવાઓ અને ખાદ્ય પદાર્થો તેમજ શુદ્ધ પાણીની પણ પારાવાર તંગી ભોગવે છે**

। કાબુલ, તા.૧૮ ।

સૂકા પર્વતીય પ્રદેશ અફઘાનિસ્તાનમાં આરોગ્ય સેવાઓ તદ્દન પડી ભાંગવાની અણીએ છે. તાલિબાનોએ સત્તા હાથમાં લીધા પછી વિદેશી સહાય લગભગ બંધ થઈ ગઈ છે. આ વિદેશી સહાયને લીધે જ ત્યાં આરોગ્ય સેવા ચાલતી હતી.અત્યારે તો અફઘાનિસ્તાનમાં પરિસ્થિતિ તેવી છે કે તેની ૨ કરોડ ૩૦ લાખ જેટલી વસ્તી પૈકી અર્ધોઅર્ધ વસ્તી આરોગ્ય સેવાઓ, ખાદ્ય પદાર્થો અને શુદ્ધ પાણીની પણ તંગી અનુભવે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (હુ)ના જણાવ્યા પ્રમાણે દેશમાં ૪૨૫ થી વધુ આરોગ્ય કેન્દ્રો બંધ થઈ ગયા છે. તેથી લોકોને આરોગ્ય સેવા માટે નજીકથી નજીકનાં આરોગ્ય કેન્દ્ર કે હોસ્પિટલ પહોંચવા કલાકોની મુસાફરી કરવી પડે છે.દેશમાં હજી અંદરો-અંદર મારામારી થતી રહે છે. પતિઓને પત્નીઓને મારવાનો હક્ક છે, તેમ માને છે. કાયદો વ્યવસ્થા જેવું કશું દેખાતું નથી, તેથી સામસામી છરાબાજી રોજીંદી ઘટના છે. માર્ગો તદ્દન બિસ્માર છે. તેથી માર્ગ અકસ્માત થઈ રહ્યા છે. આથી આરોગ્ય કેન્દ્રો અને હોસ્પિટલોમાં ઘરેલુ હિંસાનો ભોગ બનેલી મહિલાઓ, યુવતીઓ છરાબાજીથી ઘાયલ થયેલાઓ અને માર્ગ અકસ્માતોની પેશન્ટસની સારવાર કરવામાં જ સ્થાનિક આરોગ્ય કેન્દ્રો, કે હોસ્પિટલોના તબીબી, નર્સોનો સમય વ્યતિત થાય છે. દુઃખદ તે છે કે આરોગ્ય કેન્દ્રો પૈકી અનેક બંધ થયા છે. હોસ્પિટલો પૈકી કેટલીએ બંધ છે.આથી તબીબોએ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પાસે દવાઓ, પાટા-પિંડી માટેની દવાઓ વગેરે માટે અરજ કરી છે. પરંતુ અફઘાનિસ્તાનની તાલિબાન સરકારના માનવતા હીન કાયદાઓ જોઈ વૈશ્વિક આરોગ્ય સંસ્થાઓ, ઔષધો વગેરે આપવામાં ઠાગા-ઠૈય્યા કરે છે. નિરીક્ષકો કહે છે કે, અફઘાનિસ્તાનમાં યુદ્ધ સમયે હતી લગભગ તેવી જ પરિસ્થિતિ હજી પ્રવર્તે છે. ત્યાં દવાઓની તો ખેંચ છે જ પરંતુ દેશની અર્ધોર્ધથી વધુ જનતા દવાઓ ઉપરાંત ખાદ્ય પદાર્થો અને પાણીની પણ તંગી ભોગવે છે. અફઘાનિસ્તાન પોએટિક-જસ્ટિસ અનુભવે છે. સૈકાઓ સુધી બીજાનું લૂંટીને જ પોતાની તિજોરીઓ ભરનારા અફઘાનિસ્તાનની તિજોરીઓ તો ક્યારનીય તળીયા-ઝાટક થઈ ગઈ છે. પરંતુ હવે તો દવાઓ ઉપરાંત, ખાદ્ય પદાર્થો અને પાણીનાં પણ તેને ફાંફાં પડે છે. તેમની હાલત કરૂણ થઈ ગઈ છે.

## ન્યૂયોર્કમાં રશ્મિકા અને વિજયની કેમેસ્ટ્રી ફેન્સને ગમી



। મુંબઈ, તા.૧૯ ।

સાઉથના કલાકાર વિજય દેવરકોંડા અને રશ્મિકા મંદાનાએ ૭૯મો સ્વતંત્રતા દિવસ ન્યૂયોર્કના ટાઈમસ્કવેર ખાતે પણ ઉજવ્યો.અહીં તેઓ બન્ને સાથે હસતા, વાતો કરતા રોમાન્ટિક મિજાજમાં જોવા મળ્યા. ફેન્સને તેમની કેમ્સ્ટ્રી ખૂબ જ ગમી ગઈ અને બધાએ તેમનો હીડન લવ જાણે જાણી ગયા હોય તેમ સોશિયલ મીડિયા પર રિએક્ટ કરી રહ્યા છે.બન્ને રવિવારે ન્યૂયોર્ક ખાતે ટાઈમ્સ સ્કવેર ખાતેના એક આયોજનમાં ભાગ લેવા ગયા હતા. રશ્મિકાએ લાલ એથનિક વેયર પહેર્યો હતો અને અંબોડો બાંધ્યો હતો. ગળામાં ભારેખમ નેકલેસ અને ગોગલ્સ સાથે તે એકદમ ઈન્ડિયન લાગતી હતી. વિજયે ઓફ વ્હાઈટ શેરવાની પહેરી હતી. બન્નેના લૂક પણ વેડિંગ જેવા જ હતા.આ બન્નેની ઘણી તસવીરો અને વીડિયો વાયરલ થયા છે. જેમાં બન્ને એક વ્હીકલ પર લોકોનું અભિવાદન લેતા દેખાય છે અને સાથે એક બીજા સાથે હસી મજાક કરતા વાતો કરતા પણ દેખાય છે.બન્નેને જોઈને ફેન્સ ઘણા ખુશ છે. ગીત ગોવિંદમમાં આ જોડી સાથે દેખાય હતી અને તેમના લવ અફેરની વાતો ફેલાય હતી. બન્ને પોતાના સંબંધોને જાહેર કરતા નથી, પરંતુ ઘણા એવા ઉદાહરણો છે, જેમાં તેમના રિલેશન્સ બહાર આવી જાય છે. ફેન્સ આ બન્નેને સાથે જોવા મથી રહ્યા છે.વર્ક ફ્રન્ટની વાત કરીએ કે વિજયની કિંગડમ રિલિઝ થઈ છે, પરંતુ જોઈએ તેવો રિસ્પોન્સ મળ્યો નથી.

## ખોસલા કો ઘોસલા ટુના દિગ્દર્શક બદલાયા : હુમા કુરેશી પણ આઉટ

। મુંબઇ, તા.૧૯ ।

'ખોસલા કા ઘોસલા'નો બીજો ભાગ બની રહ્યો છે પરંતુ ફિલ્મના ડાયરેક્ટર અને હિરોઈન બદલાઈ ગયાં છે. મૂળ ફિલ્મ દિવાકર બેનર્જીએ ડિરેક્ટ કરી હતી તેને બદલે હવે ઉમેશ બિસ્ટને ફિલ્મનું સુકાન સોંપાયું છે. આ ઉપરાંત બીજા ભાગમાંથી હુમા કુરેશી પણ આઉટ થઈ ગઈ છે. હવે તેની જગ્યાએ નવી હિરોઈનની શોધ ચાલી રહી છે. જોકે, બોમન ઈરાની સહિતના કેટલાક કલાકારો રીપિટ થઈ શકે છે. આ ફિલ્મ મૂળ ફિલ્મની સીકવલ છે કે પછી ફક્ત ફ્રેન્ચાઈઝી વેલ્યૂનો લાભ લેવા તેનું નામ 'ખોસલા કા ઘોસલા ટુ' અપાયું છે તે પણ નક્કી નથી.ફિલ્મની વાર્તા આગળ વધારાશે કે પછી તદ્દન નવાં જ સેટ અપ સાથે નવી વાર્તા હશે તે અંગે અટકળો સેવાય છે. બોમન ઈરાની સહિતના કલાકારો રીપિટ થશે. પાર્ટ ટુને મૂળ વાર્તા સાથે કોઈ સંબંધ હશે કે કેમ તે અંગે અસ્પષ્ટતા : નવી હિરોઈનની શોધ 'ખોસલા કા ઘોસલા'નો બીજો ભાગ બની રહ્યો છે પરંતુ ફિલ્મના ડાયરેક્ટર અને હિરોઈન બદલાઈ ગયાં છે. મૂળ ફિલ્મ દિવાકર બેનર્જીએ ડિરેક્ટ કરી હતી તેને બદલે હવે ઉમેશ બિસ્ટને ફિલ્મનું સુકાન સોંપાયું છે. આ ઉપરાંત બીજા ભાગમાંથી હુમા કુરેશી પણ આઉટ થઈ ગઈ છે. હવે તેની જગ્યાએ નવી હિરોઈનની શોધ ચાલી રહી છે. જોકે, બોમન ઈરાની સહિતના કેટલાક કલાકારો રીપિટ થઈ શકે છે.

## અમેરિકામાં પ્રથમ અર્ધવાર્ષિક સમયગાળા દરમિયાન મહિનામાં ગેરકાયદે વસાહતીમાં ૨૨ લાખનો ઘટાડો નોંધાયો

। વોશિંગ્ટન, તા.૧૯ ।

અમેરિકામાં પ્રથમ અર્ધવાર્ષિક સમયગાળા દરમિયાન ગેરકાયદે ઈમિગ્રન્ટ્સની વસ્તીમાં અંદાજે ૨૨ લાખ લોકોનો ઘટાડો નોંધાયો છે, એમ નવા સરકારી આંકડામાં જણાવાયું છે. આ આંકડા સંકેત આપી રહ્યા છે કે પ્રમુખ ટ્રમ્પ દ્વારા ઈમિગ્રેશન સામે દર્શાવવામાં આવેલા આકરા વલણના પરિણામો મળી રહ્યા છે. હાલના આંકડા મુજબ કમસેકમ ૨૨ લાખ લોકોનો ઘટાડો નોંધાયો છે. વોશિંગ્ટન સ્થિત સેન્ટર ફોર ઈમિગ્રેશન સ્ટડીઝના રિસર્ચ ડિરેક્ટર સ્ટીવન કેમેરોટાએ જણાવ્યું હતું કે વર્તમાન વસ્તીના સરવેમાં વિદેશમાં જન્મેલા લોકોની સંખ્યામાં ૨૨ લાખનો નોંધપાત્ર ઘટાડો છેલ્લા ત્રણ દાયકાનો સૌથી મોટો અને નોંધપાત્ર ઘટાડો છે. આના પગલે આગામી દિવસોમાં ગેરકાયદે વસાહતીઓ સામેનું કેમ્પેઈન વધુ તીવ્ર બને તો આશ્ચર્ય નહીં થાય. અમેરિકામાં કંઈક મૂળભૂત અને નાટકીય રીતે બદલાયું છે અથવા તો રિસ્પોન્સ રેટ નાટકીય રીતે બદલાયો છે, એમ તેમણે જણાવ્યું હતું. ડેમોગ્રાફર સૂચવે છે કે આ બંને હોઈ શકે છે. પરંતુ તેની સાથે તેમણે ચેતવણી આપી હતી કે આ આંકડાની પણ પોતાની મર્યાદાઓ છે.યુએસ બ્યૂરો ઓફ લેબર સ્ટેટિસ્ટિક્સના વર્તમાન વસ્તી સરવેના આંકડાનું વિશ્લેષણ સૂચવે છે કે ચાલુ વર્ષે જાન્યુઆરીથી જુલાઈ દરમિયાન વિદેશમાં જન્મેલા લોકો હવે દેશ છોડી ચૂક્યા છે. સીઆઈએસના કેમેરોટા અને કરેન ઝેઈગલરે લખ્યું હતું કે તેમના અંદાજ મુજબ ગેરકાયદે ઈમિગ્રન્ટ્સની સંખ્યામાં ૧૬ લાખ જેટલો ઘટાડો નોંધાયો હતો. આ દર્શાવે છે કે ઈમિગ્રેશન સત્તાવાળાઓના આકરા પગલાંના કારણે ગેરકાયદે વસાહતીઓના પ્રમાણમાં ઘટાડો થયો છે.

**રૂ. ૪૧,૦૦૦ કરોડ ખર્ચાઈ ચૂક્યા** | **ઓનલાઇન ગેમિંગ પાછળની યુપીઆઇ ચૂકવણી ચાર મહિનાના રૂ. ૨૭.૭૭ લાખ કરોડની કુલ ચૂકવણીનો ૧.૫ ટકા હિસ્સો**

# ઓનલાઇન ગેમિંગ : ભારતીયોનો રૂ. ૧.૨૦ લાખ કરોડનો વાર્ષિક ખર્ચ

। નવી દિલ્હી, તા.૧૯ ।

ઓનવાઈન ગેમિંગનો ભારતીયોમાં એટલો ક્રેઝ છે કે તે દર મહિને યુપીઆઈથી દસ હજાર કરોડ કરતાં વધુ રકમ એટલે કે વર્ષે ૧.૨૦ લાખ કરોડથી વધુ રકમ ખર્ચી કાઢે છે. તેમા પણ ચાલુ વર્ષે એટલે કે વર્તમાન નાણાકીય વર્ષમાં તો રૂ. ૪૧,૦૦૦ કરોડથી વધુની રકમ ખર્ચાઈ ચૂકી છે. આ શબ્દો બીજા કોઈના નહીં ભારતના મુખ્ય આર્થિક સલાહકાર વી અનંતા નાગેશ્વરરાવના છે. નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઈ)એ યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (યુપીઆઈ) દ્વારા વિવિધ કેટેગરીઓના મર્ચન્ટ્સને કરવામાં આવતા પેમેન્ટનો બ્રેક-અપ પહેલી વખત રજૂ કર્યો તે સમયે મુખ્ય આર્થિક સલાહકારે આ વાત જણાવી હતી. આ આંકડા મુજબ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના પ્રથમ ચાર મહિનામાં જ યુપીઆઈ દ્વારા ઓનલાઈન ગેમિંગ પેટે પ્રતિ માસ રૂ. ૧૦,૦૦૦ કરોડથી વધુ રકમની ચૂકવણી થઈ છે.



આ આંકડો જ બતાવે છે કે ભારતીયો ઓનલાઈન ગેમિંગ પાછળ કેટલા રૂપિયા ખર્ચી રહ્યા છે. આ રકમ પ્રતિ માસ રૂ. ૧૦,૦૦૦ કરોડથી વધારે એટલે કે વર્ષે રૂ. ૧.૨૦ લાખ કરોડથી પણ વધી જાય છે. આ આંકડો ફક્ત યુપીઆઈ દ્વારા થતી જ ચૂકવણીનો છે. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ દ્વારા વિવિધ મંત્રાલયો અને વિભાગોના આંકડાકી સલાહકારો વચ્ચે યોજાયેલી બેઠકને સંબોધતા નાગેશ્વરને આ વાત જણાવી હતી. સરકારના મુખ્ય આર્થિક સલાહકારે આ આંકડાકીય સલાહકારોને જણાવ્યું હતું કે ગ્રાહક ખર્ચ, જીડીપી વૃદ્ધિ, બચત અને અસ્થાયી આવકની અસરોનો અભ્યાસ કરવા માટે એક અલગ વર્કશોપનું આયોજન કરવું જોઈએ. આ અઠવાડિયે અગાઉ એનપીસીઆઈએ જારી કરેલા આંકડા મુજબ એપ્રિલથી જુલાઈ ૨૦૨૫-૨૬ દરમિયાન ડિજિટલ ગેમ્સ માટે યુપીઆઈ દ્વારા રૂ. ૪૦,૯૯૨ કરોડની રકમ ચૂકવાઈ હતી. આટલી જ રકમ સ્ટોરમાંથી દવાની ખરીદી અને ફાર્મસી પેટે ચૂકવાઈ હતી. આ યુપીઆઈ ચૂકવણી એપ્રિલથી જુલાઈ સુધીના પૂરા થયેલા ચાર મહિનાના ૨૭.૭૭ લાખ કરોડના કુલ યુપીઆઈ ચૂકવણીનો ૧.૫ ટકા હિસ્સો છે. વોલ્યુમની રીતે જોઈએ તો તે કુલ યુપીઆઈ ટ્રાન્ઝેકશનનો ૩.૪ ટકા હિસ્સો થાય છે. ઓનવાઈન ગેમિંગનો ભારતીયોમાં એટલો ક્રેઝ છે કે તે દર મહિને યુપીઆઈથી દસ હજાર કરોડ કરતાં વધુ રકમ એટલે કે વર્ષે ૧.૨૦ લાખ કરોડથી વધુ રકમ ખર્ચી કાઢે છે. તેમા પણ ચાલુ વર્ષે એટલે કે વર્તમાન નાણાકીય વર્ષમાં તો રૂ. ૪૧,૦૦૦ કરોડથી વધુની રકમ ખર્ચાઈ ચૂકી છે.

### પુતિન પર દબાણ લાવવું જરૂરી : ઝેલેન્સ્કી

### એકતરફ ઝેલેન્સ્કીર ટ્રમ્પને મળવા માટે અમેરિકા આવ્યા છે, તો બીજીતરફ રશિયાએ યુક્રેનના ખાર્કિવ શહેરના રહેણાંક વિસ્તારમાં ડ્રોનથી હુમલો કર્યો છે

# 'પુતિનને રોકવા માટે વૈશ્વિક દબાણ જરૂરી' વ્હાઈટ હાઉસમાં બોલ્યા ઝેલેન્સ્કી

। નવી દિલ્હી, તા.૧૯ ।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત કરવા વ્હાઈટ પહોંચેલા યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વ્લોદોમિર ઝેલેન્સ્કીએ મહત્ત્વનું નિવેદન આપ્યું છે. તેમણે વ્હાઈટ હાઉસ પહોંચીને કહ્યું છે કે, યુક્રેન અને રશિયા વચ્ચેનું યુદ્ધ અટકાવવા માટે રશિયન રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન પર દબાણ કરવું જરૂરી છે. અમને આશા છે કે, પુતિન આક્રમણ છોડી દેશે. ઝેલેન્સ્કીએ આશંકા વ્યક્ત કરી છે કે, રશિયા હુમલાઓ ચાલુ રાખશે. યુક્રેનના રાષ્ટ્રપ્રમુખે એક્સ પર પોસ્ટ કરીને પણ કહ્યું છે કે, 'યુક્રેનની પ્રાથમિકતા દેશ અને યુરોપ, બંને માટે વિશ્વસનીયતા અને સ્થાયી શાંતિ સુનિશ્ચિત કરવાનો છે.'યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સ્કીએ રશિયા સાથે શાંતિ સ્થાપિત કરવા માટે યુક્રેન અને યુરોપ માટે વિશ્વના દેશોને સાથે મળીને પુતિન પર દબાણ લાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. તેમણે કહ્યું કે યુક્રેન શાંતિ માટે તૈયાર છે, પરંતુ તે પુતિન સ્વૈચ્છિક રીતે આક્રમકતા છોડી દેશે તેવી અપેક્ષા રાખતું નથી. ઝેલેન્સ્કીએ શાંતિ અને નવી સુરક્ષા વ્યવસ્થાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે યુરોપિયન નેતાઓની સાથે, અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથેની બેઠક પહેલાં પોતાનું વલણ અને રણનીતિ નક્કી કરવા માટે ચર્ચાઓ કરી. ઝેલેન્સ્કીએ સ્પષ્ટ કહ્યું કે, રશિયન રાષ્ટ્રપતિ પુતિન સ્વૈચ્છિક રીતે આક્રમકતા અને નવા વિજયના પ્રયાસો છોડી દેશે તેવી આશા રાખવી ન જોઈએ. તેથી, અમેરિકા, યુરોપ અને વિશ્વના એવા તમામ દેશો કે જેઓ જીવનના અધિકાર અને આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાનું સન્માન કરે છે, તેમણે સંયુક્ત રીતે દબાણ લાવવું પડશે. યુક્રેન વાસ્તવિક યુદ્ધવિરામ અને નવી સુરક્ષા વ્યવસ્થા સ્થાપિત કરવા માટે તૈયાર છે. તેમણે કહ્યું કે યુક્રેનને શાંતિની જરૂર છે.ઝેલેન્સ્કી વ્હાઈટ હાઉસ પહોંચતા જ અહીં યુક્રેનના દેખાવકારો પણ એકઠા થયા છે. તેઓની માંગ છે કે, અમેરિકન રાષ્ટ્રપ્રમુખ યુક્રેન સાથે ઉભા રહે અને રશિયા પર પ્રતિબંધ લગાવવાની સાથે દંડાત્મક કાર્યવાહી પણ કરે. બીજીતરફ ઝેલેન્સ્કીની અમેરિકન મુલાકાત ચાલી રહી છે ત્યારે યુક્રેનની રાજધાની કીવમાં હુમલાના સાયરન વાગવાના શરૂ થઈ ગયા છે.આ પહેલા અમેરિકા પહોંચતા જ ઝેલેન્સ્કીએ કહ્યું હતું કે, અમે જમીનના બદલે સમજૂતી નહીં કરીએ. અમે રશિયાને અમારી ઈંચ જમીન આપવાના નથી. અમેરિકા પહોંચેલા ઝેલેન્સ્કી સાથે નાટો સહિત યુરોપના સાત ટોચના નેતાઓ સામેલ છે. હુમલામાં એક બાળક સહિત સાત લોકોના મોત થયા હોવાના અહેવાલ સામે આવ્યા છે. આ ઉપરાંત રાજધાની કીવમાં હુમલાના સાયરન વાગવાના શરૂ થઈ ગયા છે.



રાજ્ય સરકારે એક જ દિવસે ૧૧૬ આઇપીએસ અધિકારીઓ અને કેટલાંક આઇએએસ અધિકારીઓની બદલી-બઢતીના હુકમો જારી કરતાં પોલીસ વિભાગમાં મોટાપાયે ફેરફાર

# ગુજરાતમાં ૧૧૬ આઇપીએસ અને આઇએએસ અધિકારીઓની બદલી

# સફીન હસન મહિસાગરના એસપી । મહિલા અધિકારીઓને પોસ્ટિંગ અપાઈ

ઓર્ડરમાં કુલ ૨૫ જિલ્લાનાં એસપી અને ચાર મોટા શહેરોના ૩૨ ડીસીપી કક્ષાના અધિકારીઓની બદલી કરવામાં આવી । મુખ્યમંત્રી, ગૃહ રાજ્યમંત્રી અને અધિક મુખ્ય સચિવ (ગૃહ) વિભાગે સંયુક્ત રીતે આ નિર્ણય કર્યો

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૯ ।

ગુજરાત રાજ્યમાં આઈપીએસ અને આઈએએસ અધિકારીઓની લાંબા સમયથી રાહ જોવાતી બદલી-બઢતીની પ્રક્રિયાને આખરે અમલમાં મૂકવામાં આવી છે. રાજ્ય સરકારે એક જ દિવસે ૧૧૬ આઈપીએસ અધિકારીઓ અને કેટલાંક આઈએએસ અધિકારીઓની બદલી-બઢતીના હુકમો જારી કરતાં પોલીસ વિભાગમાં મોટાપાયે ફેરફાર થયો છે.આઈપીએસ અધિકારીઓની આ બદલી શ્રાવણ માસના અંતિમ સોમવારે જાહેર કરવામાં આવી હતી.

આ ઓર્ડરમાં કુલ ૨૫ જિલ્લાનાં એસપી અને ચાર મોટા શહેરોના ૩૨ ડીસીપી કક્ષાના અધિકારીઓની બદલી કરવામાં આવી છે. મુખ્યમંત્રી, ગૃહ રાજ્યમંત્રી અને અધિક મુખ્ય સચિવ (ગૃહ) વિભાગે સંયુક્ત રીતે આ નિર્ણય કર્યો છે.

૨૦૧૯-૨૦ બેચના યુવા અધિકારીઓને શહેરના ઝોનમાં મહત્વપૂર્ણ પોસ્ટિંગ મળ્યું છે, જ્યારે ૨૦૧૮ કે તેથી સિનિયર અધિકારીઓને જિલ્લામાં એસપી તરીકે જવાબદારી સોંપાઈ છે. ૨૦૧૨ અને ૨૦૧૩ના બેચના અધિકારીઓને સીઆઈડી ક્રાઈમમાં આર્થિક ગુનાઓની કમાન આપવામાં આવી છે. આઈપીએસ સફીન હસનને મહિસાગર જિલ્લાના એસપી તરીકે પોસ્ટિંગ આપવામાં આવ્યું છે. અમદાવાદ શહેરમાંથી મોટાભાગના અધિકારીઓને બહાર મોકલવામાં આવ્યા છે. ડૉ. હર્ષદ પટેલને અમદાવાદ ઝોન-૧માં ડીસીપી તરીકે બદલી આપવામાં આવી છે, જ્યારે અક્ષયરાજ મકવાણાને ભરૂચના એસપી તરીકે મોકલવામાં આવ્યા છે.

બે મહિલા ડીસીપીને અમદાવાદમાં પોસ્ટિંગ આપવામાં આવી છે. રીમા મુનશીને ડીસીપી કંટ્રોલ તરીકે કાયમી પોસ્ટિંગ એનાયત થયું છે, જ્યારે રૂપલ સોલંકીને ઝોન ૩ના ડીસીપી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ખાસ વાત એ છે કે આ બંનેના પતિ પણ




અમદાવાદમાં પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવે રહ્યા છે. વડોદરા ડીસીપી ઝોન ૪ પન્ના મોમાયા સુરત ટ્રાફિક ડીસીપી બન્યા છે. ઝૂલી કોઠિયાની સુરત સ્પેશિયલ બ્રાંચમાં ટ્રાન્સફર થઈ છે. તેજલ પટેલને વડોદરા ટ્રાફિક ડીસીપી બનાવાયા છે. આ સિવાય સુરત ટ્રાફિક ડીસીપી અમિતા વાનાનીને ગાંધીનગર સીઆઈડી ક્રાઈમમાં મોકલવામાં આવી છે. વડોદરા શહેરના અનેક ડીસીપી બદલાઈ ગયા છે. યુવરાજસિંહ જાડેજાને વલસાડના એસપી તરીકે બદલી કરવામાં આવી છે, જ્યારે હરપાલસિંહ રાઠોડને ગાંધીનગર ઈન્ટેલિજન્સ બ્યુરોમાં મોકલવામાં આવ્યા છે.

રાજકોટમાં ચાર ડીસીપીની બદલી થઈ છે. સજ્જનસિંહ પરમારને મહેસાણા એસઆરપીએફમાં મોકલવામાં આવ્યા છે. જગદીશ બાંગરવાને રાજકોટ શહેરમાં ડીસીપી ક્રાઈમ તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. હિમકરસિંહને અમદાવાદ આર્થિક ગુના શાખામાં ડીસીપી તરીકે મોકલવામાં આવ્યા છે.

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની તાજેતરની ગુજરાત મુલાકાત બાદ આ પ્રકારના ઓર્ડર બહાર આવવાના સંકેતો



### સુરતના અનેક ઝોનમાં નવા અધિકારીઓ આવ્યા । પન્ના મોમાયા અગાઉ પણ સુરતમાં સેવા આપી ચૂક્યા છે । જેથી તેમને ફરી ટ્રાફિક ડીસીપી તરીકે મોકલવામાં આવ્યા

સુરતના અનેક ઝોનમાં નવા અધિકારીઓ આવ્યા છે. પન્ના મોમાયા અગાઉ પણ સુરતમાં સેવા આપી ચૂક્યા છે, જેથી તેમને ફરી ટ્રાફિક ડીસીપી તરીકે મોકલવામાં આવ્યા છે. સૌરાષ્ટ્રના મોટાભાગના જિલ્લાનાં એસપી બદલાઈ ગયા છે. જામનગરના એસપી પ્રેમસુખ ડેલુની સુરેન્દ્રનગરમાં બદલી થઈ છે. દેવભૂમિ દ્વારકાના નીતિશ પાંડે ભાવનગરના નવા એસપી બન્યા છે. મોરબીમાં મુકેશકુમાર પટેલ, બોટાદમાં ચિંતન તેરૈયા અને દ્વારકામાં જયરાજસિંહ વાળા એસપી બન્યા છે.હિમકરસિંહને અમદાવાદ આર્થિક ગુના શાખામાં ડીસીપી તરીકે મોકલવામાં આવ્યા છે.

### બદલીઓ પાછળ રાજકીય સમીકરણો, સ્થાનિક અભિપ્રાયો અને કાયદો-વ્યવસ્થા જાળવવાના હેતુઓ જવાબદાર

આ બદલીઓ પાછળ રાજકીય સમીકરણો, સ્થાનિક અભિપ્રાયો અને કાયદો-વ્યવસ્થા જાળવવાના હેતુઓ જવાબદાર હોવાનું માનવામાં આવી રહ્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની તાજેતરની ગુજરાત મુલાકાત બાદ આ પ્રકારના ઓર્ડર બહાર આવવાના સંકેતો હતા. મહિલા અધિકારીઓને પ્રમાણસર તક આપવામાં આવી છે, યુવા અધિકારીઓને શહેરની જવાબદારી આપવામાં આવી છે અને સિનિયરોને આર્થિક ગુનાઓ તથા સ્પેશિયલ જેવી મહત્વપૂર્ણ શાખામાં મુકવામાં આવ્યા છે.

### ૨૦૧૯-૨૦ બેચના યુવા અધિકારીઓને શહેરના ઝોનમાં મહત્વપૂર્ણ પોસ્ટિંગ મળ્યું । જ્યારે ૨૦૧૮ કે તેથી સિનિયર અધિકારીઓને જિલ્લામાં એસપી તરીકે જવાબદારી સોંપાઈ

આ ઓર્ડરમાં કુલ ૨૫ જિલ્લાનાં એસપી અને ચાર મોટા શહેરોના ૩૨ ડીસીપી કક્ષાના અધિકારીઓની બદલી કરવામાં આવી છે. મુખ્યમંત્રી, ગૃહ રાજ્યમંત્રી અને અધિક મુખ્ય સચિવ (ગૃહ) વિભાગે સંયુક્ત રીતે આ નિર્ણય કર્યો છે.૨૦૧૯-૨૦ બેચના યુવા અધિકારીઓને શહેરના ઝોનમાં મહત્વપૂર્ણ પોસ્ટિંગ મળ્યું છે, જ્યારે ૨૦૧૮ કે તેથી સિનિયર અધિકારીઓને જિલ્લામાં એસપી તરીકે જવાબદારી સોંપાઈ છે. ૨૦૧૨ અને ૨૦૧૩ના બેચના અધિકારીઓને સીઆઇડી ક્રાઈમમાં આર્થિક ગુનાઓની કમાન આપવામાં આવી છે. આઇપીએસ સફીન હસનને મહિસાગર જિલ્લાના એસપી તરીકે પોસ્ટિંગ આપવામાં આવ્યું છે. અમદાવાદ શહેરમાંથી મોટાભાગના અધિકારીઓને બહાર મોકલવામાં આવ્યા છે. ડૉ. હર્ષદ પટેલને અમદાવાદ ઝોન-૧માં ડીસીપી તરીકે બદલી આપવામાં આવી છે, જ્યારે અક્ષયરાજ મકવાણાને ભરૂચના એસપી તરીકે મોકલવામાં આવ્યા છે.

સુત્રાપાડાના કોળીવાડા વિસ્તારમાં રહેણાક મકાનોમાં પણ વરસાદી પાણી ઘૂસ્યા હતા

## ગીર સોમનાથમાં બારેમેઘ ખાંગા થયા । બે કલાકમાં સાડા પાંચ ઇંચ પડી ગયો

દુકાનોમાં પણ પાણી ઘૂસ્યા હતા । તેના કારણે દુકાનોમાં રાખવામાં આવેલો માલ બગડી ગયો હતો

। પ્રતિનિધિ, ગીરસોમનાથ, તા.૧૯ ।



ગીર સોમનાથમાં બારેમેઘ ખાંગા થયા છે. તેમા પણ ગીરસોમનાથના સુત્રાપાડામાં પડેલા ભારે વરસાદના કારણે બધુ જળબંબાકાર થઈ ગયું હતું. વરસાદ એવો ત્રાટક્યો હતો કે બે કલાકમાં સાડા પાંચ ઈંચ પડી ગયો હતો અને છેલ્લા ૨૪ કલાકમાં ૧૧ ઈંચથી વધુ વરસાદ ખાબકતા જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. તેમા પણ સૂત્રાપાડાના અનેક ગામો પાણીથી તરબતર થઈ ગયા હતા.સુત્રાપાડાના કોળીવાડા વિસ્તારમાં રહેણાક મકાનોમાં પણ વરસાદી પાણી ઘૂસ્યા હતા. પાણી ઘરોમાં ઘૂસવાના લીધે ઘરવખરીને નુકસાન થયું હતું. આ વિસ્તારમાં આવેલી દુકાનોમાં પણ પાણી ઘૂસ્યા હતા, તેના કારણે દુકાનોમાં રાખવામાં આવેલો માલ બગડી ગયો હતો. અચાનક જ વરસાદી પાણીના આગમનના લીધે નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સૂત્રાપાડામાં વહેલી સવારથી જ ૪થી ૬માં સાડા પાંચ ઈંચ વરસાદ વરસ્યો હતો. ગીર ગઢડામાં રાત્રે બેથી ચારમાં પાંચ ઈંચ વરસાદ વરસ્યો હતો. હવામાન વિભાગના મોડલના વિશ્લેષણ મુજબ આગામી ૧૯થી ૨૧ ગુજરાત અને તેમા પણ ખાસ કરીને સૌરાષ્ટ્રમાં ભારેથી લઈને અતિ ભારે વરસાદની આગાહી છે. વરસાદના પ્રમાણને જોતાં અહીં વરસાદનું રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ સમય દરમિયાન કચ્છમાં પણ અતિ ભારે વરસાદનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આગામી સાત દિવસ સુધી ગુજરાતમાં સાર્વત્રિક ભારે વરસાદનું અનુમાન છે.હવામાન વિભાગની આગાહી મુજબ એક સિસ્ટમ છત્તીસગઢ પર બનશે, જેના પછી તે ગુજરાત પર આવશે.

એક વકીલની પણ શોધખોળ પોલીસ કરી રહી છે

## આમ આદમી પાર્ટીના સમર્થકોને પીએસઆઇ વિરુદ્ધ અભદ્ર કોમેન્ટ પડી ભારે । આરોપીની ક્રાઈમ બ્રાન્ચે કરી અટકાયત

વિસાવદરના મહિલા પી.એસ.આઈ. વિરુદ્ધ સોશિયલ મીડિયા પર કરાયેલા અભદ્ર કોમેન્ટના કેસમાં જુનાગઢ ક્રાઈમ બ્રાંચે કડક કાર્યવાહી હાથ ધરી રાજ્યના જુદા જુદા જિલ્લામાંથી પાંચ આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા

। પ્રતિનિધિ, જૂનાગઢ,તા.૧૯ ।

આમ આદમી પાર્ટીના સમર્થકોને મહિલા પીએસઆઈ વિરુદ્ધ સોશિયલ મીડિયામાં અભદ્ર કોમેન્ટ કરવાનું ભારે પડ્યું છે. વિસાવદરના મહિલા પી.એસ.આઈ. વિરુદ્ધ સોશિયલ મીડિયા પર કરાયેલા અભદ્ર કોમેન્ટના કેસમાં જુનાગઢ ક્રાઈમ બ્રાંચે કડક કાર્યવાહી હાથ ધરી છે. રાજ્યના જુદા જુદા જિલ્લામાંથી પાંચ આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા છે, જ્યારે એક વકીલની પણ શોધખોળ પોલીસ કરી રહી છે.ગત ૧ ઓગસ્ટના રોજ વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા સસ્તા અનાજમાં કૌભાંડ મામલે વિસાવદર પોલીસ સ્ટેશન ખાતે પહોંચ્યા હતા જ્યાં પોલીસ સ્ટેશનની બહાર વિવાદ સર્જાયો છે. ત્યાં મહિલા પી.એસ.આઈ. સોનારા સાથે ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાનો વાર્તાલાપ થયો હતો. આ વાર્તાલાપનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા મહિલા પી.એસ.



આઈ. વિરુદ્ધ આપના સમર્થકો દ્વારા અભદ્ર કોમેન્ટ કરવામાં આવી હતી. આ મામલે જુનાગઢ ક્રાઈમ બ્રાન્ચે કાર્યવાહી કરતાં રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાંથી પાંચ આરોપીઓને ઝડપ્યા છે.જેમાં મનોજ ડાયાભાઈ વાઘેલા (રાજકોટ), અરવિંદભાઈ દાનાભાઈ સોંદરવા (જેતપુર), વિનોદભાઈ લાલભાઈ કોન્ટ્રાક્ટર (સુરત),જયંતીભાઈ ઉર્ફે જય મૂળજીભાઈ પટેલ (અમદાવાદ),રમેશભાઈ અંબાભાઈ રાદડિયા (વિસાવદર) નો સમાવેશ થાય છે.

ઝડપાયેલ આરોપીઓના મોબાઈલ કબજે કરવામાં આવ્યા છે. ઉપરાંત અભદ્ર ટિપ્પણી મામલે ભાવનગરના વકીલ નીરજ ટીમાણીયા વિરુદ્ધ પણ પોલીસે તપાસ શરૂ કરી છે. સોશિયલ મીડિયા પર ખોટી ઉશ્કેરણી કે અભદ્ર ટિપ્પણી કરનારાઓ વિરુદ્ધ પોલીસ હવે કડક વલણ અપનાવી રહી છે. આ સમગ્ર કેસની તપાસ જુનાગઢ એસઓજીને સોંપવામાં આવી છે અને આ કેસમાં વધુ આરોપીઓ સામે કાર્યવાહી થવાની પણ શક્યતા છે. આમ આદમી પાર્ટીના સમર્થકોને મહિલા પીએસઆઈ વિરુદ્ધ સોશિયલ મીડિયામાં અભદ્ર કોમેન્ટ કરવાનું ભારે પડ્યું છે. વિસાવદરના મહિલા પી.એસ.આઈ. વિરુદ્ધ સોશિયલ મીડિયા પર કરાયેલા અભદ્ર કોમેન્ટના કેસમાં જુનાગઢ ક્રાઈમ બ્રાંચે કડક કાર્યવાહી હાથ ધરી છે. રાજ્યના જુદા જુદા જિલ્લામાંથી પાંચ આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા છે,

ગોધરાના વાવડી બુઝુર્ગ ગામે ચાલતા જુગાર પર બાતમીના આધારે દરોડો

## પંચમહાલમાં આપના જિલ્લા યુવા પ્રમુખ આશિષ કામદાર જુગાર રમતા ઝડપાયા

। ગોધરા, તા.૧૯ ।

આમ આદમી પાર્ટીના પંચમહાલ જિલ્લા યુવા પ્રમુખ આશિષ કામદાર જુગાર રમતા ઝડપાયા છે. ગોધરાના વાવડી બુઝર્ગ ગામે એક મકાનમાં જુગાર રમતા ઝડપાયેલા ૭ જુગારીયામાં આપના યુવા નેતા પણ સામેલ હતા. એલસીબી પોલીસે ૭ જુગારીયાઓની ૧,૪૦,૦૦૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી છે.નવાઈની વાત તો એ છે કે, આ આપ જિલ્લા યુવા પ્રમુખ આશિષ કામદારે હજું એક અઠવાડિયા પહેલાં જ પંચમહાલ જિલ્લામાં ચાલતા જુગારના અડ્ડાઓ બંધ કરાવવા તથા ઓનલાઈન સટ્ટા બંધ કરાવવા અંગે તંત્રને આવેદનપત્ર આપ્યું હતું. હવે પોતે જ જુગાર રમતા ઝડપાયા છે.જેમ કથની અને કરણીમાં ફેર હોય તેમ આપ જિલ્લા યુવા પ્રમુખ આશિષ કામદાર પોતાની જ રજૂઆતોને ઘોળીને પી ગયા હતા અને તેઓ પોતે જ ગોધરાવા વાવડી બુઝર્ગ ગામે જુગાર રમવા બેસી ગયા હતા. જો કે આશિષ કામદારે કરેલી રજૂઆતને જિલ્લા પોલીસે ગંભીરતાથી લીધી હતી અને ગોધરાના વાવડી બુઝુર્ગ ગામે ચાલતા જુગાર પર બાતમીના આધારે દરોડો પાડ્યો હતો.

CAR WORLD
AUTO GARAGE

Karan Panchal
+91 9427796859
Mahesh Gajnotar
+91 9824699827

Shop No. 1, Radhe Hills,
Nr. Rameshwar Transport,
Mahemadabad Road,
Hathijan, Gujarat-382 445.

કોબા સર્કલ સુધી રેલી શરૂ થાય તે પહેલાં જ પોલીસે ૫૦થી વધુ માજી સૈનિકોની અટકાયત કરી હતી

## અમદાવાદમાં માજી સૈનિકો દ્વારા ચક્કાજામ । 'ઓપરેશન અનામત' આંદોલન ઉગ્ર

ગાંધીનગરમાં મહારેલીની પરવાનગી ન મળતાં અને પોલીસ દ્વારા આંદોલનકારીઓની અટકાયત કરવામાં આવતાં માજી સૈનિકોએ અમદાવાદનો માર્ગ અપનાવ્યો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૯ ।

ગુજરાતમાં માજી સૈનિકો દ્વારા ચાલતા 'ઓપરેશન અનામત' આંદોલનનો આજે ૨૩મો દિવસ છે અને આ આંદોલન આજે વધુ ઉગ્ર બન્યું છે. ગાંધીનગરમાં મહારેલીની પરવાનગી ન મળતાં અને પોલીસ દ્વારા આંદોલનકારીઓની અટકાયત કરવામાં આવતાં માજી સૈનિકોએ અમદાવાદનો માર્ગ અપનાવ્યો હતો.ગાંધીનગરમાં સત્યાગ્રહ છાવણીથી કોબા સર્કલ સુધી રેલી શરૂ થાય તે પહેલાં જ પોલીસે ૫૦થી વધુ માજી સૈનિકોની અટકાયત કરી હતી, જોકે બાદમાં તેમને છોડી મૂકવામાં આવ્યા હતા. આ ઘટના બાદ આશરે ૧૦૦૦થી વધુ માજી સૈનિકો અમદાવાદ પહોંચ્યા અને રસ્તા પર ચક્કાજામ કરી વિરોધ નોંધાવ્યો હતો.શાંતિપૂર્ણ રીતે આંદોલન કરી રહેલા પૂર્વ સૈનિકોએ પોલીસ પર તેમને ડિટેઈન કરવાનો આક્ષેપ કર્યો હતો. માજી સૈનિક સંગઠનના પ્રમુખ જીતેન્દ્ર નિમાવતને છોડવામાં ન આવે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની જાહેરાત કરવામાં આવી હતી. આંદોલનકારીઓએ ૩૦ મિનિટમાં નિર્ણય ન લેવાય તો ફરીથી આંદોલન શરૂ કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.માજી સૈનિકો રસ્તા પર બેસીને 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ'ના નારા લગાવ્યા હતા. આ ચક્કાજામના કારણે બે કિલોમીટર સુધીનો લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો, જેના કારણે ખાસ કરીને એરપોર્ટ પર આવતા-જતા મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.



શરૂઆતમાં પોલીસે માજી સૈનિકોને સમજાવીને ઊભા કરવાનો પ્રયાસ કર્યો હતો અને કેટલાકની અટકાયત પણ કરી હતી. જોકે, આંદોલનકારીઓએ અટકાયત કરાયેલા જવાનોને છોડાવવા માટે દબાણ કરતાં આખરે પોલીસે નરમ વલણ અપનાવીને તેમને છોડી મૂક્યા હતા. આ ઘટનાએ બતાવ્યું કે માજી સૈનિકોના આંદોલનની તાકાત સામે પોલીસને પણ પીછેહઠ કરવી પડી હતી. આગામી દિવસોમાં આંદોલન વધુ વેગ પકડે તેવી શક્યતા છે, જ્યાં સુધી તેમની અનામતને લગતી માંગણીઓ સંતોષવામાં ન આવે.

લોક પત્રિકા હવે અહીં પણ

ભારતની નં.૧ ન્યૂઝ એપ

dailyhunt




પળેપળના સમાચારની અપડેટ જોવા માટે આજે જ ડેઈલી હન્ટમાં લોક પત્રિકાને ફોલો કરો

**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya